R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1924... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 06 • ISSUE : 18 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH JULY 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

**HD Fire Protect Limited**
Corporate HQ: D-6/2, Road No. 34,
Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 35287000 Email: info@hdfire.com

HD FIRE PROTECT™
Protecting what matters most to you

## 90 COUNTRIES. 1 PROMISE.
## PEACE OF MIND.

35 YEARS OF TRUST

With a customer-centric approach, extensive manufacturing capabilities, and a commitment to service excellence, you can rest easy knowing that we have got your back.

Distributed 90+ countries

Trusted by 2K+ clients

Global Certifications




www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




TÜV NORD ISO 9001

6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# એકતા તરફનું ઐતિહાસિક પગલું જૈન મેરેજ મિશન



- CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150

## સર્વે વાચકોને અષાઢી બીજ - કચ્છી નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ...

આજના સમયમાં શિક્ષણ, વ્યવસાય અને રોજગારની તકોને કારણે આપણા યુવાનો દેશ-વિદેશમાં વિખેરાઈ ગયા છે. પરિણામે સમાજની અંદર યોગ્ય જીવનસાથી શોધવાનું કાર્ય દિવસેને દિવસે વધુ પડકારજનક બનતું જાય છે. અનેક પરિવારો લાંબા સમય સુધી યોગ્ય સંબંધની શોધમાં રહે છે, જ્યારે બીજી તરફ સમાજના જુદા જુદા ફિરકાઓ અને જ્ઞાતિઓમાં યોગ્ય યુવક-યુવતીઓ હોવા છતાં પરસ્પર સંપર્કના અભાવે સારા સંબંધો બંધાઈ શકતા નથી.

આ પરિસ્થિતિને વર્ષો પહેલાં પારખનાર વરિષ્ઠ પત્રકાર શ્રી દેવચંદ છેડાના મનમાં એક વિચાર જન્મ્યો હતો કે જો સમગ્ર જૈન સમાજ એક મંચ પર આવે, તો આપણા યુવાનોને વધુ વિશાળ અને વધુ યોગ્ય પસંદગી મળી શકે. એક જૈન તરીકે આપણા ધાર્મિક મૂલ્યો, સંસ્કાર અને જીવનશૈલી સમાન છે; તેથી સમાજ વચ્ચેના અનાવશ્યક અંતરો ઘટાડીને એકતા તરફ આગળ વધવાનો સમય આવી ગયો છે.

વર્ષો સુધી આ વિચાર માત્ર એક સ્વપ્ન રહ્યો. પરંતુ વર્ષ ૨૦૨૪માં સુવિધાના શ્રી શાંતિલાલ ડુંગરશી મારુ સાથે થયેલી ચર્ચાએ આ સ્વપ્નને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ વળાંક આપ્યો. ત્યારબાદ પ્રિન્સ પ્લાસ્ટિક્સના શ્રીમતી તરલાબેન જયંત છેડા અને આરતી ઈન્ડસ્ટ્રીઝના શ્રી ચંદ્રકાંત ગોગરીના સહયોગથી આ વિચારને મજબૂત પાયો મળ્યો.

ઓક્ટોબર ૨૦૨૪માં મુંબઈની આઠ અગ્રણી જૈન સંસ્થાઓએ એક ઐતિહાસિક નિર્ણય લઈને 'જૈન મેરેજ મિશન'ની સ્થાપના કરી. અંદાજે ચાર લાખથી વધુ સભ્યોનું પ્રતિનિધિત્વ કરતી આ સંસ્થાઓએ સમાજહિતને સર્વોપરી રાખીને એકતા અને સહકારનો ઉત્તમ દાખલો સ્થાપ્યો છે.

મિશનનો હેતુ માત્ર લગ્ન કરાવવાનો નથી; પરંતુ વિશ્વાસ, પારદર્શિતા અને જવાબદારી સાથે યોગ્ય જીવનસાથી પસંદ કરવામાં મદદરૂપ થવાનો છે. તેથી દરેક અરજદારની વિગતો સંબંધિત સમાજની ત્રણ સભ્યોની સમિતિ દ્વારા ચકાસવામાં આવે છે. ત્યારબાદ જ નોંધણી મંજૂર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨,૨૦૦થી વધુ બાયોડેટાનું સફળતાપૂર્વક વેરિફિકેશન થઈ ચૂક્યું છે.

આ મિશનમાં ટેક્નોલોજીનો પણ સુંદર ઉપયોગ કરવામાં આવ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત સિસ્ટમ ઉમેદવારની પસંદગી, શિક્ષણ, વ્યવસાય, ઉંમર અને અન્ય વિગતોના આધારે યોગ્ય જીવનસાથી સૂચવે છે. આ આધુનિક અભિગમ સમયની બચત કરે છે અને યોગ્ય મેળાપની શક્યતા પણ વધારે છે.

ગયા વર્ષે દાદરની હાલારી વાડીમાં યોજાયેલા પરિચય મિલનમાં લગભગ ૧૫૦ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. આ મિશન દ્વારા અત્યાર સુધી બે સફળ લગ્ન સંપન્ન થયા છે અને દિવાળી સુધીમાં વધુ બે લગ્ન યોજાનાર છે. આ માત્ર આંકડા નથી, પરંતુ અનેક પરિવારોના જીવનમાં પ્રસન્નતા લાવનારી શરૂઆત છે.

થાણે ખાતે મેરેજ ગાઈડન્સ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે, જ્યાં યુવક-યુવતીઓ તથા

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
ઍડ. શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
શિલ્પાબેન અજાણી
જયંત વિશનજી છેડા
ઍડ. કેતન મધુકાંત લોડાયા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૬, અંક : ૧૮, તા. ૨૦-૦૭-૨૦૨૬**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ – મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. – **તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## કોઠારા ગામે શ્રી ચામુંડા મા ને નમતા મૈશેરી નુખના પરિવારજનો જોગ

દર વર્ષની જેમ મુંબઈ મધ્યે યોજાનાર શ્રી ચામુંડા માતાજીની **૧૬મી સામુહિક પહેડી,** આસો સુદ એકમ (પહેલો નોરતો) ને **રવિવાર તારીખ ૧૧/૧૦/૨૦૨૬ના રોજ સવારના ૯.૦૦ થી બપોરના ૨.૦૦** સુધી સ્ટાર બેન્કવેટ હોલ, પોલીસચોકીની બાજુમાં, ભાંડુપ મધ્યે નક્કી કરવામાં આવેલ છે.

પહેડી પ્રસાદના ખર્ચને પહોંચવા રૂપિયા ૨૦૦૦/- એક આનીના, રાખવામાં આવેલ છે. સહુ કુટુંબીજનોને પોતાની યથાશક્તિ મુજબ જરૂરથી લખાવવા વિનંતી.

નિયાણિઓ પાસેથી ફક્ત આર્શિવાદની અપેક્ષા

**તા.૨૩/૧૧/૨૦૨૬ના સવારે ૧૦.૧૫ કલાકે કચ્છ કોઠારા સ્થાનકે ધજાનો કાર્યક્રમ રહેશે.**

**સંપર્ક : ભરત રતીલાલ મૈશેરી** – 99692 79397
**ગૌતમ મૈશેરી** – 93222 55900
**પારસ મૈશેરી** – 93220 45744

**લી. કોઠારા સ્થાને મા ચામુંડાને નમતા**
**મૈશેરી કુળની પહેડી કમીટીના જય માતાજી**


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

### Old is Gold But Gold is never Old

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર One Shot Final

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

તેમના વાલીઓને માર્ગદર્શન અને કાઉન્સેલિંગ આપવામાં આવે છે. ભવિષ્યમાં મુંબઈના અન્ય વિસ્તારોમાં પણ આવા કેન્દ્રો શરૂ કરવાની યોજના છે. મિશન દ્વારા લગ્ન કરનાર દંપતીને શુભેચ્છા સ્વરૂપે હનીમૂન પેકેજ ભેટ આપવાની સુંદર પરંપરા પણ શરૂકરવામાં આવી છે.

આપણા કે.ડી.ઓ. જૈન મહાજન તરફથી શ્રીમતી મનીષા લાલકા, શ્રીમતી અલકા ભેદા અને શ્રીમતી જિનાલી લોડાયાની મિશનની સમિતિમાં નિમણૂક કરવામાં આવી છે. તેઓ સમાજના યુવક-યુવતીઓને માર્ગદર્શન આપવા અને આ અભિયાનને વધુ મજબૂત બનાવવા સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે.

આજે જરૂર છે કે આપણે સમાજની પરંપરાઓને જાળવી રાખતાં સમય સાથે આગળ વધીએ. **જૈન મેરેજ મિશન** માત્ર એક વેબસાઈટ કે લગ્ન બ્યુરો નથી; તે સમગ્ર જૈન સમાજને વધુ નજીક લાવતું, ભેદભાવ કરતાં એકતાને મહત્ત્વ આપતું અને આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે રચાયેલું એક સામાજિક આંદોલન છે.

પ્રકાશ સમીક્ષા દ્વારા સમાજના તમામ લગ્નયોગ્ય યુવક-યુવતીઓ અને તેમના વાલીઓને હાર્દિક અપીલ છે કે તેઓ **www.jainmarriagemission.com** પર નોંધણી કરાવી આ અનોખી પહેલનો લાભ લે. જેટલા વધુ પરિવારો આ મિશન સાથે જોડાશે, તેટલો આપણો જૈન સમાજ વધુ મજબૂત, વધુ સંગઠિત અને વધુ સમૃદ્ધ બનશે.

આવો, સંકુચિત સીમાઓને પાછળ રાખીને સમગ્ર જૈન સમાજના હિતમાં એક નવા યુગની શરૂઆત કરીએ.

તા. ૫.૮.૨૦૨૬ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રી રમેશ મુલજી શાહ (લોડાયા)-ભરૂડિયા (મુલુંડ) રહેશે.

શ્રી રમેશભાઈ અનેક વર્ષોથી પ્રકાશ સમીક્ષામાં વિવિધ વિષયો ઉપર નિયમીત રીતે લેખો લખી રહ્યાં છે. કદઓ જ્ઞાતિ તથા અન્ય વિષયો અંગે વિશદ જ્ઞાન ધરાવે છે.

## ચાતુર્માસ પ્રસંગે મહારાજ સાહેબો (ગુરુ ભગવંતો)ના પ્રવેશ તથા પર્યુષણ પર્વની ઉજવણીના સમાચારો ફોટોગ્રાફ તથા વિડીઓ મોકલવા વિનમ્ર નિવેદન

ચાતુર્માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે. વિવિધ સંઘોમાં પૂજ્ય મહારાજ સાહેબો (ગુરુ ભગવંતો)નો પ્રવેશ ઉત્સવ આનંદપૂર્વક ઉજવાયો. ચાતુર્માસ દરમ્યાન તપ - આરાધના થશે તથા પૂજ્યશ્રીઓના વ્યાખ્યાનો પણ યોજાશે. આવા ધર્મમય ચાતુર્માસ દરમ્યાન પયુર્ષણ પર્વની પણ ઉજવણી થશે.

બધા મહાજન અને દેરાસર ટ્રસ્ટોને વિનંતી છે કે તેઓ મહારાજ સાહેબ (ગુરુ ભગવંતો)ના પ્રવેશના સમાચાર ફોટોગ્રાફ સાથે પ્રકાશ સમીક્ષામાં મફત પ્રકાશન માટે વહેલી તકે kdoprakash@gmail.com ઉપર મોકલાવે. વેબસાઈટ અને પ્રકાશ વિડિઓ મેગેઝિન પર અપલોડ કરવા માટે વિડિઓઝ વોટ્સએપ નં. 98215 35111 ઉપર અથવા ઈમેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.

પર્યુષણ અને ચતુર્માસ ઉજવણીના સમાચાર, ફોટોગ્રાફ અને વિડિઓઝ પણ મોકલવા વિનમ્ર નિવેદન.

**- પ્રકાશ સમીક્ષા સમિતિ**

।। શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ।।

# શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

મુ. પો. રંગપુર, જી. જામનગર, સૌરાષ્ટ્ર. પીન - ૩૬૧ ૨૮૦.

## પર્યુષણે પધારવા આમંત્રણ...

વ્હાલા રંગપુરવાસી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો અને નિયાણી બહેનોના પરિવારજનો જોગ,

શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાની મહેર રંગપુર ગામ પર વરસી રહી છે અને ફરી આપણને બધાને રંગપુર જઈને તેમની છત્રછાયામાં પર્યુષણ પર્વ–૨૦૨૬ ઉજવવાના છે. આપ સૌને આ શુભ પ્રસંગે બહોળી સંખ્યામાં પધારવાનું આમંત્રણ આપતા અમો સર્વે હર્ષ અનુભવીએ છીએ.

આપને સર્વેને સુવિદિત છે તેમ ત્યાં તમામ પ્રકારની સગવડ જેમ કે અતિથિગૃહ, ભોજનશાળા, ઉપાશ્રય, દેરાસર વગેરે વ્યવસ્થા આપ સૌના સાથ–સહકારથી ચાલે છે. પરંતુ હાલમાં ભોજનશાળા, વધારાના અતિથિગૃહનું નૂતનીકરણ ચાલુ છે માટે આ સર્વે કાર્યક્રમ અને ઉજવણી દરમ્યાન થોડી અગવડ – સગવડ રહેશે સાચવી લેવા વિનંતી.

**આ કાર્યક્રમ ૧૦ દિવસનો રહેશે અને આવા પવિત્ર દિવસોમાં સાધર્મિક ભક્તિના નકરા નીચે મુજબ રાખેલ છે.**

**આખા દિવસની સાધર્મિક ભક્તિના રૂા. ૧૫,૦૦૦/- પ્રતિ દિવસના પણ બીજ અને છઠના રૂા. ૨૧,૦૦૦/-નો નકરો.**

### પર્યુષણ કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.

| | |
|---|---|
| <u>શ્રાવણ વદ ૧૩, વિ. સં. ૨૦૮૨ મંગળવાર, તા. ૦૮–૦૯–૨૦૨૬</u><br>પર્યુષણની શરૂઆત | <u>ભાદરવા સુદ ૫, વિ.સં. ૨૦૮૨ મંગળવાર, તા. ૧૫–૦૯–૨૦૨૬</u><br>બારસાસૂત્ર વાંચન અને સંવત્સરી પ્રતિક્રમણ |
| <u>ભાદરવા સુદ ૨, વિ સં. ૨૦૮૨ શનિવાર, તા. ૧૨–૦૯–૨૦૨૬</u><br>મહાવીર જન્મ વાંચન (૧૪ સ્વપ્ન મહોત્સવ ઉછામણી)<br>અને અષ્ટમંગલ પાટલા પધરાવવાની ઉછામણી | <u>ભાદરવા સુદ ૬, વિ.સં. ૨૦૮૨ બુધવાર, તા. ૧૬–૦૯–૨૦૨૬</u><br>છટ્ઠના પારણા અને સાંવત્સરિક ક્ષમાપના |

**દરરોજ પ્રભાવનાનો નકરો રા. ૩,૦૦૦/- રાખવામાં આવેલ છે.**

આ પ્રસંગે શ્રી આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠના ભાઈઓ–બહેનો પર્યુષણ કરાવવા બોલાવવામાં આવશે. આપ સર્વેને હર્ષ ઉલ્લાસથી માદરે વતન પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## સાધારણ ખાતું – નકરા

૧) દર વરસની જેમ સાધારણ ખાતામાં રૂા. ૩,૬૦૦/– વાર્ષિક રંગપુરના દરેક પરિવાર લખાવે તેવી વિનંતી.
૨) અતિથિગૃહની નવી પાંચ રૂમમાંથી ત્રણ ના રૂા. ૫,૦૦,૦૦૦/– લેખે આવી ગયા છે. બાકીના બે રૂમના નામો આવકાર્ય.
૩) અતિથિગૃહની નવી પાંચ રૂમના ફર્નીચરના દાતા પ્રતિ રૂમ રૂા. ૨,૫૦,૦૦૦/– લેખે આવકાર્ય.
૪) અતિથિગૃહની જુની ત્રણ રૂમને અદ્યતન, બાથરૂમ, વોશરૂમ સહિતનો નકરો રૂા. ૩,૦૦,૦૦૦/– પ્રતિ રૂમના અને તેમાં નવું ફર્નીચરનો નકરો રૂા. ૧,૨૫,૦૦૦/– આવકાર્ય.
૫) દેરાસરના ફરીયાના સુશોભીકરણ માટે રૂા. ૫,૦૦,૦૦૦/– આવકાર્ય.
૬) મહાજનવાડી વિભાગના ફરીયાના સુશોભીકરણ માટે રૂા. ૧૧,૦૦,૦૦૦/– આવકાર્ય.

તદ્ઉપરાંત દેરાસરની વર્ષ ૨૦૨૭ની ધ્વજાની ઉછામણી આગળ વધારી મહાવીર વાંચના–સ્વપ્ના સમયે આદેશ આપવામાં આવશે. આશા છે કે આપ સૌ રંગપુરવાસીઓ આપનો અમુલ્ય ફાળો ઉપર મુજબની સ્કીમમાં લાભ લઈ લખાવશો તેવી અભ્યર્થના...

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને સલાહકાર સમિતિ વતી**


| | |
|---|---|
| શ્રી પંકજ કેશવજી ધરમશી – પ્રમુખ ટ્રસ્ટી | દિપક શાંતીલાલ લાપસીયા – ટ્રસ્ટી |
| બિપીન પાશ્વીર નાગડા – ઉપપ્રમુખ ટ્રસ્ટી | હેમાંગ અશોક લાલકા – ટ્રસ્ટી |
| જતીન ગુલાબચંદ નાગડા – માનદમંત્રી ટ્રસ્ટી | વિનોદ શીવજી ધરમશી – સ્થાનીક ટ્રસ્ટી |
| કિરીટ પુનશી મુનવર – ખજાનચી ટ્રસ્ટી | લહેરચંદ ચંપકલાલ ધરમશી – સ્થાનીક ટ્રસ્ટી |
| કાંતીલાલ માણેકજી નાગડા – સહમાનદ્ મંત્રી | શશાંક કિશોર ખોના – સ્થાનીક ટ્રસ્ટી |


તેમજ કારોબારી અને સલાહકાર સમિતિના જય જિનેન્દ્ર વાંચશોજી...

UPASANA - 9820167767



# કચ્છ દર્શન





(ભાગ : ૬૬)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**(ગતાંકથી ચાલુ)**



ડાયનાસોર

કચ્છ દર્શન અંક ૬૪માં (૨૦-૦૬-૨૬) અમારી બસ L.L.C.D.નાં દરવાજે આવી ઉભી રહી ત્યાંથી L.L.C.D.માં દર્શાવેલ કચ્છની અસલ કોમ, જાતિ વિશે વાત કરી. પણ એ જાણવું રસપ્રદ રહેશે કે કચ્છ પ્રદેશ બે વખત ભુતકાળમાં દરિયામાં ઉંડો ગરકાવ થઈ પાછો ઉપર આવ્યો છે.

આ વાત કાલ્પનિક નથી પણ તેના પ્રમાણભૂત પુરાવા મળે છે. (૧) કચ્છનાં અશ્મિઓ (Fosils)નું વિશાળ સંગ્રહાલય ધરાવનાર સ્વ. શ્રી મોહનસિંહ સોઢા ને હું પહેલા મોટી વિરાણી અને પછીથી દેવીસર પાસે તેમનાં સંગ્રહ સ્થાનમાં મળ્યો છું અને વિગતો મેળવી છે. તેમની પાસેનાં ફોસિલ્સ પર દરિયાઈ મોજાં જોવા મળે છે અને કેટલાક ફોસિલ્સ પર ડાયનોસોરનાં પ્રતિકો.(૨) કચ્છમાં જે ખનિજો મળી આવેલ છે તે વૈજ્ઞાનિકોનાં મતો પ્રમાણે દરિયામાં ગરકાવ થઈ ગયેલ કચ્છનાં છે. જેવા કે લિગ્નાઈટ, બોક્સાઈટ, સફેદ માટી, લાઈમસ્ટોન ઈત્યાદિ. લાઈમસ્ટોન એક જાતનો ચુનો કચ્છમાં મળી આવતી પથ્થર શિલાઓને જોડવામાં ફેવીકોલ કરતાં વધુ મજબુતી પરી પાડે છે.

હવે સૌ યાત્રિકો L.L.C.D.નાં સ્વયંસેવક સાથે અહીં આવેલ થીયેટરમાં પ્રવેશીએ છીએ. અહીં ફિલ્મ શરૂ થતાં ‘‘અમીબેન શ્રોફ’’ પડદા પર આવે છે અને L.L.C.D.નાં સુર્વણમય ઈતિહાસ ઉપરથી પડદો ઉચકાય છે. અમીબેન ટૂંકમાં જણાવે છે કે L.L.C.D. ભુજથી આશરે ૧૮ કિ.મી. દૂર પધ્ધર ગામમાં ૮ એકરમાં ઘટાદાર આંબા, રસદાર ચીકુ અને પાણીવાળા નાળિયેરનાં વૃક્ષોથી છવાયેલો છે.

આ સંકુલન ચાર ભાગમાં વહેંચાયેલું છે. (૧) સંગ્રહ સ્થાન, (૨) ક્રાફટ કાર્યશાળા, (૩) કારીગરો અને કામદારો માટે આવાસ-નિવાસ અને (૪) ઓપન એર થીયેટર, જ્યાં વર્ષ દરમ્યાન નાટક, ભવાઈ, સંગીતયાત્રા ઈત્યાદિ કાર્યક્રમો યોજાય છે.

ફિલ્મ જોઈ અમે કાર્યશાળા તરફ જઈએ છીએ. (અંક ૬૪માં ફોટા સહિત વધુ વિગતો આપેલ છે.)

L.L.C.D.માં આવેલ મકાનોને એક વિશિષ્ટ પદ્ધતિથી બનાવવામાં આવ્યા છે. જેથી બજેટમાં કન્ટ્રોલ લાવી શકાય. ચુનો અને ફલાએશથી બનાવેલી ઈંટો બાંધકામમાં વાપરવામાં આવી છે. જેથી કચ્છનાં ભયંકર ઉનાળામાં રૂમોમાં ઠંડક રહે.

કચ્છમાં હંમેશા પાણીની ખેંચ રહે છે તેથી Rain Water Harvesting કરી પાણી એકત્રિત કરવામાં આવે છે. આ વિભાગ આવનાર યાત્રિકોને ખાસ બતાડવામાં આવે છે જેથી તેઓ પોતાના ગ્રામ્ય વિસ્તારોમાં આના પ્રયોગ કરી પાણીનો સંગ્રહ કરી શકે. અહીં આવેલ શોપમાં અહીંયા ઉત્પાદન કરેલ ચીજો પ્રદર્શિત કરવામાં આવેલ છે. પણ યાત્રિકો Windo Shoping કરી રેસ્ટોરન્ટ તરફ જમવા વળ્યા. જમી કરી ઘડીભર વામકુક્ષી કરવા પ્રતિક્ષાલયનાં એરકંડીશન હોલમાં પોરો ખાધો ત્યાં અરજણભાઈના વગાડેલ ભોંપુનો અવાજ સાંભળી,સફાળા જાગી બસ તરફ ઉપડ્યા

બસમાં બધા યાત્રિકો ગોઠવાયા પણ શ્રી તિલકભાઈની આંખો ઉઘાડબંદ થતી હતી. રમજુએ તેમને ડ્રાયવરની સીટ પાસે બેસાડ્યાં. બસને ફર્સ્ટમાંથી સેકન્ડ ગીયરમાં નાખતા અરજણભાઈએ કહ્યું, ‘તિલકભા આંજી ચાયજી તલપ ૧૦ મિનિટમેં પૂરી કંઈધોંસેં.’ અને બસ જલેબી નામની હોટલ પાસે ઉભી રહી. જ્યાં મીઠી મધુરી ‘‘કચ્છી ઘુટડો’’ ચાની સુગંધે ઘણાની ચાની ‘‘તલપ’’ જાગૃત કરી. બસમાંથી કેટલાક પગ છુટો કરવા, કેટલાક માવો ખાવા, કેટલાકે જાગૃત થયેલ ચાની તલપ પુરી કરી.

અહીંથી અમારી બસ ઉપડી અને સ્મૃતિવન પાસે આવેલ ‘‘સાયન્સ સેન્ટર’’નાં દરવાજે પહોંચી.

વધુ આવતાં અંકે...


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

**વડીલોનું વિશ્વ**

# ઉંમરની ઉજવણી નહીં, પરિપક્વતાની વંદના



**તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ**
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

**શષ્ટિપૂર્તિથી શતમાનમ સુધી  જીવનના આંતરિક વિકાસની યાત્રા :** ભારતમાં  ઘણાં સમાજોમાં ૬૦, ૭૦, ૮૦, ૯૦ અને ૧૦૦ વર્ષની ઉંમરે વિશેષ ધાર્મિક વિધિઓ અને ભવ્ય ઉજવણીઓ કરવાની પરંપરા છે. ષષ્ઠીપૂર્તિ, ભીમરથ શાંતિ, શતાભિષેકમ, નવતિ અને શતમાનમ જેવા સમારંભો માત્ર જન્મદિવસની ઉજવણી નથી; તે જીવનની પરિપક્વતા, અનુભવ અને આંતરિક વિકાસના સન્માનનું પ્રતીક છે.

**આ ચોક્કસ ઉંમરો જ શા માટે ઉજવવામાં આવે છે? :** આ પ્રશ્નનો ઉત્તર મહાભારતના રાજા યયાતિની કથામાંથી મળે છે. જીવનના તમામ ભોગો અને વૈભવનો અનુભવ કર્યા પછી તેમને એક ગહન સત્યનો સાક્ષાત્કાર થયો

''ભોગોની મર્યાદા હોય છે, પરંતુ ઇચ્છાઓની નથી.''

આ અનુભૂતિએ તેમને સમજાવ્યું કે જીવનનો સાચો વિકાસ બાહ્ય સિદ્ધિઓમાં નહીં, પરંતુ આંતરિક પરિપક્વતામાં છે.

**૬૦ વર્ષ  ષષ્ઠીપૂર્તિ :** ભારતીય પંચાંગમાં ૬૦ વર્ષને એક પૂર્ણ ચક્ર માનવામાં આવે છે. આ ઉંમરે માણસની પ્રાથમિકતાઓ બદલાવા લાગે છે.

''હજુ કેટલું મેળવવું?'' કરતાં ''હવે ખરેખર મહત્વનું શું છે?'' એ પ્રશ્ન વધુ મહત્ત્વનો બને છે. મહત્ત્વાકાંક્ષા કરતાં સમજણ વધુ મૂલ્યવાન લાગવા લાગે છે.

**૭૦ વર્ષ  ભીમરથ શાંતિ :** આ ઉંમરે માણસ સમજે છે કે દરેક વાતમાં જીતવું જરૂરી નથી. સંબંધો, સમભાવ અને શાંતિનું મૂલ્ય વધુ સ્પષ્ટ થાય છે. તે અનુભવે છે, ''સાચા હોવા કરતાં શાંત રહેવું વધુ મૂલ્યવાન છે.''

**૮૦ વર્ષ  શતાભિષેકમ :** ૮૦ વર્ષની ઉંમરે વ્યક્તિનું મહત્વ તેના શબ્દોમાં નહીં, પરંતુ તેની ઉપસ્થિતિમાં રહેલું હોય છે. તેનો અનુભવ, ધીરજ અને શાંતિ આસપાસના લોકોને આશ્વાસન આપે છે. તેની હાજરી જ આશીર્વાદ સમાન બની જાય છે.

**૯૦ વર્ષ  નવતિ :** જીવનના અનેક ઉતાર-ચઢાવ જોયા પછી અહંકાર ધીમે ધીમે ઓગળવા લાગે છે. બીજાને સુધારવાની કે પોતાની વાત મનાવવાની ઉતાવળ ઘટે છે. અંતરમાં એક શાંત સ્થિરતા જન્મે છે.

**૧૦૦ વર્ષ  શતમાનમ :** ૧૦૦ વર્ષની ઉંમરે માણસ જીવનને વધુ વિશાળ દૃષ્ટિથી જોવા લાગે છે. તેને સમજાય છે કે અંતે પ્રેમ, કરુણા અને સદભાવ જ સાચી સંપત્તિ છે. વ્યક્તિ જાણે એક જીવંત આશીર્વાદમાં રૂપાંતરિત થઈ જાય છે.

ઉજવણી પાછળનો ઊંડો અર્થ આ પરંપરાઓ માત્ર વ્યક્તિની નહીં, પરંતુ દાંપત્ય, પરિવાર અને સમાજની પણ ઉજવણી છે. તે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે, માતા-પિતા, જીવનસાથી, સંતાનો, સમાજ અને પરમાત્મા પ્રત્યે.

આપણા ઋષિઓએ જીવનને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચાર આશ્રમોમાં વિભાજિત કર્યું હતું. સાઠ વર્ષની આસપાસની ઉજવણીઓ ગૃહસ્થ જીવનમાંથી વાનપ્રસ્થ તરફના સંક્રમણનું પ્રતીક છે.

**ઉપસંહાર :** આપણા પૂર્વજોએ ઉંમરની નહીં, પરંતુ ઉંમર સાથે આવતી સમજણ, કરુણા, કૃતજ્ઞતા અને પરિપક્વતાની ઉજવણી કરી છે. તેમણે શીખવ્યું છે કે વર્ષો વધે તે પૂરતું નથી; વર્ષો સાથે મન વધુ શાંત, હૃદય વધુ વિશાળ અને અહંકાર વધુ હળવો બનવો જોઈએ.

વૃદ્ધાવસ્થા જીવનનો  સંધ્યાકાળ નથી; તે જીવનના સારને સમજવાનો સુવર્ણ અવસર છે.

ઉંમરનું સાચું સૌંદર્ય ચહેરાની કરચલીઓમાં નહીં, પરંતુ વર્ષોએ ઘડેલી સમજણ, કરુણા અને શાંતિમાં રહેલું છે.

***

વનિતા વિશ્વ

# સ્ત્રીના નામે કલંક

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



થોડા દિવસ પહેલા જ આપણે છાપામાં વાંચેલું કે એક યુવતીએ પોતાના થનારા પતિને ફરવા માટે લઈ જઈને કિલ્લા ઉપરથી ખીણમાં ધક્કો દઈને મારી નાખ્યો. એક સ્ત્રી જેને આપણે મમતાની મૂર્તિ કહીએ વાત્સલ્યનીથી ભરપૂર દયાની દેવી કહીએ એ આટલી ક્રૂર કેમ થઈ શકે ?

કહે છે કે એ યુવતીને બીજા કોઈ સાથે પ્રેમ હતો. પણ એના માતા પિતા એ યુવકને સ્વીકારવા તૈયાર નહોતા. એટલે પરાણે માતા-પિતાએ પસંદ કરેલા યુવક સાથે સગાઈ તો કરી લીધી અને પછી પોતાના પ્રેમી સાથે મળીને પ્લાન બનાવ્યો કે રસ્તામાં જ એને પતાવી દઈએ અને પછી આપણે લગ્ન કરી લઈએ.

પણ આવું કરવાની શું જરૂર હતી? મા બાપે પ્રેમી સાથે લગ્નની ના પાડી તો ત્યારેજ ભાગી જવું હતું અથવા સગાઈ પણ થઈ ગઈ હતી તો એ થનારા પતિને પણ કહી શકાય કે મારે લગ્ન કરવા નથી આપણે બ્રેકઅપ કરી લઈએ. એના બદલે એને જ મારી નાખ્યો. જેનો કોઈ ગુનો નથી, જેને કોઈ વાતની ખબર નથી. એ યુવતીએ પણ કેટલા પ્રયાસ કર્યા મારવા માટે. ત્યાં સુધી એના મનમાં દયા ન આવી, એનું મન બદલી ન ગયું. આવી હલકી પ્રવૃત્તિ એક સ્ત્રી થઈને કેમ કરી શકે? ખરેખર સ્ત્રીને નામે કલંક છે.

આજકાલની યુવતીઓ પ્રેમ કરતા તો જાણે છે. પણ માતા-પિતાને કહેવાની હિંમત નથી કરતા અને પછી જ્યારે પતિ અને પ્રેમી વચ્ચે પસંદ કરવાની વાત આવે ત્યારે કેટલી હદે પણ જઈ શકે છે. ત્યારે આટલી હિંમત કેમ આવી જાય? પોતાના થનારા પતિને; ભલે એની સાથે નાટક કર્યું હોય ફરવા લઈ ગઈ પણ એને મારવા સુધીનો વિચાર કેમ કરી શકે? એ પણ એકાદ વખત નહીં પણ ત્રણ- ત્રણ વખત કોશિશ કરી અને છેવટે મારી નાખ્યો. એ પણ કોકના ઘરનો કુળદીપક હતો. મા બાપનો એકનો એક દીકરો હતો. કોઈ એને મારી જ કેમ શકે? એને કહી દીધું હોત કે હું તારા સાથે લગ્ન નથી કરવાની, તો કદાચ એ યુવકે જ તોડી નાખ્યા હોત. એના માટે થઈને પ્રેમી સાથે મળીને હત્યા કરવામાં હિચકિચાટ ન થઈ. પણ એનું પરિણામ શું આવ્યું? આજે જેલમાં બેઠી છે. આખી જિંદગી કોર્ટના ચક્કર થશે. જેલ થશે. આવી યુવતીઓને તો એટલી કડક સજા આપવી જોઈએ કે બીજી કોઈ યુવતી આવી હિંમત ન કરી શકે.

ઘણા કિસ્સાઓ જોયા છે, સગાઈ થઈ ગઈ, ગોળ ધાણા ખવાઈ ગયા, હર્યા ફર્યા, કંકોત્રીઓ છપાઈ ગઈ, મહેમાનોને આમંત્રણ અપાઈ ગયા. મહેમાનો લગ્ન પ્રસંગે આવી પહોંચ્યા અને ત્યારે છોકરી પ્રેમી સાથે ભાગી જાય ત્યારે મા બાપની હાલત કેવી થાય ?

એમને તો કાપો તો લોહી ના નીકળે એવી હાલત થાય. વરસોની કમાવેલી ઈજ્જત, વ્યવહાર બધા ઉપર પાણી ફરી જાય. સગા વ્હાલામાં નાક કપાઈ જાય અને ખર્ચા થયા એ તો અલગ. ફક્ત ફેરા ફરવાના બાકી હોય. છોકરીઓને એમના મા-બાપની ઈજ્જતની કંઈ પડી જ નથી. નહોતું જ કરવું તો સગાઈ જ પહેલેથી નક્કી ન કરવી જોઈએ. સગાઈ થઈ ગઈ ત્યારબાદ પણ કહી શકે છે, સમજાવી શકે છે અથવા ત્યારે જ ભાગીને પ્રેમી સાથે લગ્ન કરે અથવા મા બાપના સંમતિથી કરે પણ આટલું બધું આગળ વધ્યા પછી તો આવા નાટક ન જ કરવા જોઈએ ને. વરસો પહેલાં આપણી જ્ઞાતિમાં જ બનેલી આ ઘટના છે.

મને એટલું જ કહેવું છે કે પહેલી વાત પ્રેમ કરવો નહીં, પ્રેમ કરો જ છો તો એને વફાદાર થઈને રહેવું અને એ ન થતું હોય તો મા-બાપ જે પાત્ર શોધે, હવે તો મા-બાપ નહીં પણ પોતે જ ત્રણ ચાર મીટિંગ બાદ સ્વીકારનો સિક્કો માર્યો, તો એને વફાદાર થઈને રહેવું. આવા ઘાતકી બનવું નહીં. ભગવાન સૌને સદબુદ્ધિ આપે.

## આજનો યુવા.... યુવાઓની આજ(GenZ)




આપણો દેશ યુવા દેશ તરીકે ઓળખાય છે. પણ મરણ કરતા જન્મની સંખ્યામાં વધારો જોવા મળતો નથી. તેને આંખ આડા કાન કરી શકાય તેમ નથી અને ધારણા છે કે ૨૦૫૦ સુધી યુવાઓ કરતા વૃદ્ધોની સંખ્યામાં વધારો થવાની સંભાવના છે. આ કોઈ દૂરના ભવિષ્યની કલ્પના નથી એટલે આજનો યુવા વૃદ્ધ થાય એ પહેલા જ આજને માણી લેવાની માનસિકતા ધરાવે છે અને આગળના સમયમાં યુવાઓની પોતાની અલગ જીવન જીવવાની શૈલીના દર્શન થશે .

ઘણી પેઢીઓ હજી સુધી ભારતમાં સંયુક્ત પરિવાર પ્રણાલી એક સામાજિક વ્યવસ્થા રહી છે વડીલોએ પોતાના પરિવાર સાથે રહેતા અને પરિવારની સેવા સાંસ્કૃતિક ફરજ ન હતી પરંતુ એક પ્રકારની સામાજિક સુરક્ષા પણ હતી એટલે યુવાઓ ઉપર આ બોજ રહેતો નહીં . આ ધારણાના કેન્દ્રમાં ખર્ચ કરતા બચત કરવાની અને ભવિષ્ય માટે આયોજન કરવાની માનસિકતા હતી. આજે ભારતીય યુવા ફ્રીડમ, એન્જોયમેન્ટ અને ત્વરિત ખુશીને પ્રાધાન્ય આપી રહ્યો છે. તે કોઈપણ ભોગે ત્યાગ કરવામાં માનતો નથી. નાનો પરિવાર સુખી પરિવારના સૂત્રને સાર્થક કરે છે અને મોટી જવાબદારી લેવામાં માનતો નથી.

આવતીકાલ અને આજની તુલનામાં યુવાઓ આજને વધુ પ્રાધાન્ય આપે છે એટલે બચત કરતા ખર્ચ વધી ગયા છે. આ રસપ્રદ બદલાવ અર્થતંત્રમાં જોવા મળે છે પહેલાના જમાનામાં બચત કરી મકાન ખરીદતા પણ હવે યુવાઓ આવા નિયમોને બદલી રહ્યા છે. આખી જિંદગી ઈએમઆઈ ભરવા કરતા આજને વધુ સુંદર બનાવે છે. વિકટ પરિસ્થિતિમાં પહોંચી વળવા એમની પાસે આયોજન છે. જિંદગી એક વાર જ મળે છે. મિલકત બીજા માટે રાખવી એના કરતા પોતા માટે જ વાપરી લેવું. કેટલું પણ કરશો તો પણ ભવિષ્ય અનિશ્ચિત અને ધૂંધળું જ છે તો આજ કેમ બગાડવી??

વર્તમાનમાં જીવવું એ ખોટું નથી કે ખુશ રહેવું એ પણ ખોટું નથી, પણ ભવિષ્યની સંપૂર્ણ ઉપેક્ષા કરવી એ લાંબે ગાળે ભારે પડી શકે છે. ખર્ચની આદત વધી રહી છે, હપ્તાઓની લાલચમાં ભોળવાઈ રહ્યા છે, ક્રેડિટ કાર્ડની સુવિધાઓ લાલચ આપી રહી છે, એના કારણે ક્યારેક માનસિક તણાવ આવી શકે છે. આજનો યુવા આવક અને ખર્ચ બંને વચ્ચે યોગ્ય બેલેન્સ પણ જાળવી રાખે છે અને પાંચ દિવસ કામ કરે છે તો બે દિવસ વિકેન્ડ પણ એન્જોય કરે છે.

**ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ),**

**મો.:૯૮૭૯૫૨૨૬૪૨**

---

## તમારું-મારું ફેવરેટ ડીશવાળું નવું સાહસ

માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટ દ્વારા મુલુંડમાં હીરા મોંઘી હોસ્પિટલની સામે બ્રીજવાસી ભવન, વાલજી લધા રોડ ઉપર મુલુંડ-ભાંડુપ-થાણાવાસીઓ માટે આપણી સૌની સ્પેશિયલ ચટાકેદાર, રસદાયી અને ટેસ્ટફૂલ મસાલેદાર આઈટમોનું સાંજે ૪ થી ૭ ગરમ નાસ્તા વેચાણની વ્યવસ્થા માટે નવું સાહસ ગૃહ ઉદ્યોગની બહેનોએ શરૂ કર્યું છે, તે બદ્દલ સૌને હાર્દિક અભિનંદન.

ગૃહ ઉદ્યોગના સેવાભાવી ટ્રસ્ટી શ્રી વિરેન્દ્ર લોડાયાની રાહબરી હેઠળ શ્રી ભાવેશ મોતા, શ્રી ભુપેન્દ્ર ડાઘા અને શ્રી જયેશ મોમાયાના સંનિષ્ઠ પ્રયાસોથી આરંભાયેલા આ નવા સાહસનું સંચાલન શ્રી ટોમેશ નાગડા અને સપનાબેન કરશે. મંડળમાં નીત નવી લિજ્જતદાર, ચટાકેદાર સોડમનો અહેસાસ થાય એવી આપણી સૌની ફેવરેટ ડીશ, વૈવિધ્યતા ભરી સારી ગુણવત્તાવાળી આઈટમો, જીભના રસિયાઓને મળી રહેશે તેનો વિશ્વાસ છે. પાકશાસ્ત્રમાં પારંગત એવી કિચન ક્વીન મહિલાઓ આ સાહસમાં અગ્રણી બને તો સોનામાં સુગંધ અને ખાવામાં સોડમ ભળે. તો ચાલો સ્વાદિષ્ટ વાનગીઓને માણી, ટ્રસ્ટી મહાશયોના મહિલા ઉત્કર્ષના ઉમદા હેતુને સાર્થક બનાવીએ.

**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા, સામાજિક કાર્યકર્તા**

**૯૮૨૦૦ ૩૯૪૬૯**

# પાંજે વતનમેં આવાસ યોજના

આવાસ યોજના આપણાં ગામના સર્વાંગી વિકાસ માટે આશિર્વાદ રૂપ સાબિત થઈ શકે છે. સુવ્યવસ્થિત અને સુખ સગવડ ભરી રહેઠાણોની ઉપલબ્ધતા વધતા ગામમાં નવી ઉર્જા અને ચહલપહલનું સર્જન થશે. અને વડીલો ઉપાર્જીત આપણી ધરોહરો સચવાશે.




મુંબઈ / દેશાવરમાં વસતા મધ્યમવર્ગી પરિવારોને પોતાના વતનમાં સ્થાયી થવા અથવા વારંવાર આવવા માટે પ્રોત્સાહન મળશે. જેના પરિણામે ગામની વસ્તી, સામાજીક સક્રિયતા અને આર્થિક પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો થશે.

થોડાંક પરિવારોને પોતાનું ઘર પ્રાપ્ત થતા જીવનની ગુણવત્તા, રહેણીકરણીમાં સુધારો આવશે. અહીં આવનાર યુવા, બાળકોને અનુકુળ વાતાવરણ મળશે. જ્યારે વડીલો શાંતિ, સુરક્ષા અને ગૌરવ સાથે જીવન વીતાવી શકશે તેમજ પરિવારીક સંબંધોમાં ઉષ્મા અને લાગણી વધશે.

આવાસ યોજનાના પરિણામે ગામના મંદિરો, મિલ્કતો, દેરાસરો, અન્ય ધાર્મિક, સાંસ્કૃતિક કેન્દ્રોમાં પણ ચેતનાનો સંચાર થશે સાથે સાથે દરેક પ્રવૃત્તિઓમાં વધારો થશે અને સંસ્થાઓનાં વિકાસને ગતિ મળશે. તહેવારો, મેળાવડા અને સામુહિક કાર્યક્રમો વધુ ઉત્સાહપુર્વક ઉજવાશે જે ગામની સાંસ્કૃતિક પરંપરાઓ, પર્યાવરણ સંરક્ષણ અને સામાજીક સેવાઓમાં યોગદાન આપશે.

કચ્છમાં વિશા ઓશવાલ સમાજના અનેક ગામોમાં આવાસ યોજનાનો સફળ પ્રારંભ થયો છે. આ યોજનામાં ગામના મહાજનો, ટ્રસ્ટો, મોવડીઓ, દિલેર દાતાશ્રીઓ ઉદાર દિલે આર્થિક સહાયતા પુરી પાડીને પોતાના જ્ઞાતિજનોને આ યોજનાનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યાં છે. એમના સહયોગથી અનેક પરિવારોને પોતાના વતનમાં સુવિધાસભર આવાસ પ્રાપ્ત કરાવેલ છે. જેથી સમાજના સર્વાંગી વિકાસ અને એકતાને નવી દિશા મળેલ છે.

આવાસ યોજનાનું અમલીકરણ સફળ બનાવવા અનંતનાથ ટ્રસ્ટ, મુંબઈ મહાજન, દરેક ગામના મહાજનો ટ્રસ્ટો, શ્રેષ્ઠીવર્યો, દિલેર દાતાઓ શરૂઆતમાં પંચતીર્થીનાં ગામો તદ્ઉપરાંત જે ગામમાં આપણી વસ્તી હોય એવા ગામોમાં પણ શરૂઆતમાં ઓછામાં ઓછા ૫ થી ૧૦ ઘરો બનાવવાની શરૂઆત કરવામાં આવે તો અંદાજે ૪૦ થી ૫૦ ઘરો અને ૧૦૦ જણની વસ્તી થઈ શકે.

કચ્છમાં નોકરી-ધંધા માટે પણ સારી તકો મળી શકે છે. કચ્છમાં ટ્રાન્સપોર્ટની વ્યવસ્થામાં બસ, ટેક્સી, રીક્ષા વગેરેની સગવડતા છે. થોડા સમયમાં ટ્રેનની પણ સગવડ મળશે. તદ્ઉપરાંત સારી સ્કુલો, દવાખાના, હોસ્પિટલો, હોટલો, મોલ, માર્કેટ, બોર્ડીંગ, વિવિધ ખાણીપીણાના સ્ટોલો પણ છે. આજુબાજુમાં ધાર્મિક, ઐતિહાસિક ફરવા લાયક સ્થળો પણ છે.

શુદ્ધ હવા, દુધ, શાકભાજી, ફળ-ફ્રુટ, અનાજ, જીવન જરૂરિયાતની ચીજો પણ નજીકમાં ઉપલબ્ધ છે. જેથી ખાસ તકલીફ નથી.

આ આવાસ યોજના ઉપર દરેક ગામવાસીઓ, મહાજનો, ટ્રસ્ટો, મોવડીઓ, દાતાશ્રીઓ તાત્કાલિક વિચારણા કરે જેથી આપણા જ્ઞાતિજનોનો વિકાસ થાય એવી હું ભાવના વ્યક્ત કરું છું.

**- રાયચંદ દેવશીં જીવાણી, ડોંબિવલી**

**મો.: ૮૭૭૯૮૭૫૧૦૯**

**સોનલ આર્ટ**
**(થાણા)**
Sonal ART
**શાંતિભાઈ : 99678 41792**

બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે.

**સાચી જરીના ઘરચોળા સારા ભાવે વેંચી આપવામાં આવશે**
**કચ્છી ભરત સાડીઓ ઑલ્ટર કરી આપવામાં આવશે**

**'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪**

આરોગ્ય પ્રકાશ

# ઘુંટણ, કમરનો સંધિવાત, ચાલવા કરતા કસરત ફાયદાકારી-૩

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



સાવચેતી : ૧) જ્યારે પણ બેસીએ ત્યારે કમર સીધી રહે તેમ ટટ્ટાર બેસવું. કમર વળે (scouching) ત્યારે કમરના પાંચ મણકાની વચ્ચેની નસો, મજ્જાતંતુ (Nerves) દબાય છે અને પગમાં, કમરમાં પીડા થાય છે. સોફા પર કે ખુરશી પર બેસીએ ત્યારે ધ્યાન રાખવું કે કમર સીધી રહે. સુતી વખતે ઘૂંટણને સહેજ વાળી ડાબે કે જમણે પડખે સુવાથી કમરને બરાબર આરામ મળે છે. ૨) જેને કમરનો દુઃખાવો છે તેણે આગળ ઝુકવાનું ટાળવું જોઈએ. જમીન પરથી કાંઈ ઉંચકવા, ઝુકવું પડે તો ઘૂંટણથી પગ વાળીને ઝુકો કમરને વળવું ઓછું પડશે. (ગરદનના સંધિવાતવાળાએ છાપું-પુસ્તક વાંચવા કે મોબાઈલ વાપરતાં ગરદન સીધી રહે તે ખાસ ધ્યાન રાખવું. અન્યથા ગરદનના સાંધામાં રહેલ હાથની અને બીજી નસો દબાશે. પરિણામે ગરદનનો, હાથનો દુઃખાવો થશે). (૩) એકધારું ૪૫ મિનીટથી વધુ બેસવું નહીં, વધુ બેસવાથી સાંધામાં અને આજુબાજુ લોહી ઓછું ફરે તેથી સોજા વધે જેના કારણે દુઃખાવો વધે, સાંધા જકડાઈ જાય. (વિગતવાર જાણવા વાંચો-પ્રકાશ સમીક્ષા ૩૦ મે ૨૦૨૧ આરોગ્ય પ્રકાશ ઓછું બેસો-વધુ જીવો).

(૪) જરૂર હોય તો કમરનો પટ્ટો કે knee-cap વાપરવા, તેનાથી તે સાંધાને આધાર મળે છે અને દુઃખાવામાં રાહત મળે.

(૫) કમર કે ઘુંટણના દુઃખાવાવાળા કદાચ ૭૦-૭૫થી વધુ ઉંમરના ન હોય. ૬૦-૬૫ના જ હોય તો લાકડી લેવાનું પસંદ નથી કરતાં પણ લાકડી એ એક મોટો આધાર બની રહે છે. સાંધાને આધાર આપી દુઃખાવો ઘટાડે છે ને સરળતાથી ચલાય છે તેથી બિલ્કુલ ચાલવાનો કંટાળો નથી આવતો, હલનચલનમાં સરળતા પડે અને પડવા-આખડવાથી બચી જવાય.

ખોરાક અને અન્ય સુધારા : ૧) કેલશ્યમ ધરાવતી ચીજો પ્રમાણસર લો-ઘેરા લીલા શાક, ભીંડા, બ્રોકોલી, મીઠા અને કડવા લીમડાના પાન, નાગરવેલના પાન, રોજ બે ચમચી તલ, દૂધ, દૂધની અન્ય ચીજો, શિંગોડા, ડ્રાયફ્રુટ્સ વગેરે લ્યો. ૨) નિયમિત રોજ ૨૦ મિનીટ તડકો મળે તેમ તડકામાં કોઈ કામ કરો કે બેસી રહો. ૩) ઘઉનાં દાણા જેટલો ખાવાનો ચૂનો છાસ કે સુપમાં (સારી રીતે મિક્સ કરી) નિયમિત લ્યો. ૪) ૪-૫ ભીંડા રાત્રે પલાળી સવારે ખાઈ, તેનું પાણી પી લ્યો. ૧ નાની ચમચી મેથી દાણા રાત્રે ભીંજવી સવારે તેનું પાણી પી, ચાવી લ્યો. ૫) જો કાંદાની બાધા ન હોય તો જરૂર વાપરો કારણ કાંદામાંનુ પેપ્ટાઈડ કેલશ્યમને હાડકામાં જાળવી રાખે છે તે જ રીતે અનાનસની સ્લાઈસ નિયમિત ખાવી સારી તેમાં રહેલ બ્રોમોલીન પણ કેલશ્યમને હાડકામાં જાળવી રાખે છે. ૬) ગરમ કે ઠંડો શેક કરો, ઠંડો શેક સાંધાની ઉંડે સુધી પહોંચે છે તે સારું છતાં ગરમ-ઠંડો જે ફાવે તે શેક કરો. ૭) કોફી, ચા, ચોકલેટ કે અમુક દવા જેમાં કેફીન વધુ હોય તે ન લ્યો. ૮) કાચા શાકભાજી વધુ ઉપયોગમાં લ્યો. ઘઉં, ચોખા ઘટાડી, બાજરી, જુવાર, મિલેટ્સ વાપરો. ૯) સાકર બિલ્કુલ બંધ કરો. સાકરથી કેલશ્યમ અને ફોસ્ફેટનું બેલેન્સ ખોરવાય છે જેથી હાડકામાંથી કેલશ્યમ ધવાય છે. ૧૦) અમુક વૈદો દવા પાવડરમાં સ્ટેરોઈડ આપે છે. સ્ટેરોઈડથી દુઃખાવા તરત જ ઓછા થયેલા જણાય છે તેથી તે દવા ગમે છે પણ આ દવા બંધ કરતાં ફરી દુઃખાવા સતત તેમજ રહે છે. સ્ટેરોઈડ શરીરને ખૂબ નુકશાન કરે છે તેથી આવી દવામાં સ્ટેરોઈડ નથી જ ને તે ખાત્રી કર્યા વગર ન લ્યો. ૧૧) થોડું મીઠું તવા પર શેકી તેમાં કોઈ બામ કે રાઈનું તેલ નાખી દુઃખતા ભાગ પર હળવી મસાજ કરો, ઘણી રાહત જણાશે. 'શુકુન તેલ' કે વોલીની જેવા મલમની પણ હળવે હાથે મસાજ કરી રાહત મેળવો.

સાંધાના દુઃખાવાનું મુખ્ય કારણ વધુ વજન, તે ઘટાડવા શું કરશો? ૧) ઠંડુ પાણી, પીણા, તળેલા ફરસાણ, બજારૂ પેકેટ્સ બંધ કરો. ૨) સવારે હુંફાળા પાણીમાં ૧ લીંબુનો રસ નાખી પીઓ. ૩) નાસ્તા પછી ૧ નાની ચમચી તજ પાવડર નિયમિત લ્યો. ૩) સાકર બિલ્કુલ બંધ કરો. સાકર બંધ કરતાં સહજ ૪-૫ કિલો વજન ઘટી જશે. ૪) સલાડ-સૂપ વધારી અનાજ ઘટાડો. ઘઉં-ચોખા બંધ કરી મિલેટ્સનો ઉપયોગ કરો.

આમ ઘૂંટણ અને કમરના સંધિવાતમાં કસરત, આસનો, ખાવાપીવામાં કાળજી લઈ ઉપર દર્શાવેલ ઈલાજ કરી રાહત મેળવો. (સંપૂર્ણ)

## પાસ થયા, અભિનંદન



**અંકિત નિલમ-મયુર દંડ**
**નલીયા - મુલુંડ**
**B.Tech (Computer Eng.)**



**વિવેક અનિતા-કેતન મોતા**
**કુઆપધર - કેનેડા**
**B.E. (Software Eng.)**

**Mudra Therapy**

# Gyan Mudra

**Dimple Prashant Lodaya, (Mudra Therapist)**
**Kothara (Bangalore),** Mob. 87225 22100





As the name suggests, Gyan Mudra is the Mudra of Knowledge and Wisdom. It is formed by gently joining the tip of the index finger (Vayu) with the tip of the thumb (Agni) Tattva. By balancing the Vayu and Agni tattva helps to calm mental restlessness and improves overall brain function.

Regular practice of Gyan Mudra may help: Improve concentration, focus, and memory. Enhance learning ability and mental clarity. Calm the nervous system and support nerve-related discomfort caused by stress or imbalance. Reduce anxiety, overthinking, and mental fatigue. Improve the quality of sleep by relaxing the mind. Help control cravings, especially for sugary or salty foods, by improving self-awareness. Support better decision-making, and emotional stability.

Just as a steady flame gives light without flickering, a balanced mind brings clarity, peace, and wisdom. Gyan Mudra is a simple daily practice that helps the mind become calm, focused, and in control.

**Practice Tips :** Practice Gyan Mudra regularly with patience and consistency for the best results. Gently touch the tip of the index finger to the tip of the thumb no pressure, with both hands. This mudra can be practised while sitting, standing, walking, or even lying down, making it easy to include in your daily routine. However, avoid practising it for 30 minutes after a meal. Mudra Therapy is complementary therapy for better health.

**નમ્ર નિવેદન :**
જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

સાંસ્કૃતિક વારસો

# આપણો સાંસ્કૃતિક વારસો
## પખાવાજ ભાગ ૪



સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

પ્રથમ ચોસર (સામાન્ય રીતે રાત્રે ૯ થી ૧૧ વાગ્યા સુધી)

રાત્રિનો પ્રારંભ વૈરાગ્ય, જ્ઞાન અને આત્મચિંતનથી થતો. દિવસની દોડધામ પછી મનને અંતર્મુખ બનાવવાનો આ સમય ગણાતો. આ સમય માટે પસંદ કરાયેલા સ્તવનોમાં ભક્તિ, વૈરાગ્ય, તીર્થભક્તિ અને આત્મજાગૃતિના ભાવો મુખ્ય રહેતા. એક જ ઢાળ અથવા સમાન ભાવપ્રવાહ ધરાવતા ચાર જેટલા સ્તવનો સળંગ ગવાતા, જેથી ભક્તિનો રસ અખંડ જળવાઈ રહે.

આ પ્રથમ ચોસરમાં પ્રચલિત રહેલા સ્તવનોમાં -

''શિખરજી કી જાત્રા કયું ન કરે''

''સખી મોરી આજ આનંદ ધરી''

''અબુધ એસો જ્ઞાન બિચારી''

''સંયમ લાઉંગી મૈં સાથ પિયાજી''

''કરૂણા નજરથી પ્રભુજી કૃપાળુ''

જેવા લોકપ્રિય ભક્તિગીતોનો સમાવેશ થતો.

આ સ્તવનોમાં ક્યાંક તીર્થાધિરાજ શિખરજી પ્રત્યેની ભક્તિ, કયાંક આત્મકલ્યાણની ઝંખના, કયાંક સંયમજીવનની અભિલાષા અને ક્યાંક પ્રભુ પ્રતિ સમર્પણનો ભાવ વ્યક્ત થતો. ગાયકો અને શ્રોતાઓ બંને આ ભક્તિરસમાં એટલા તલ્લીન થઈ જતા કે સમયનું ભાન પણ રહેતું નહીં.

આજની જેમ બે-ત્રણ મિનિટના સ્તવનો ગાઈને આગળ વધવાની પ્રથા નહોતી. દરેક સ્તવન સંપૂર્ણ રીતે, તેના બધા અંતરાઓ સાથે અને યોગ્ય લય-તાલમાં ગવાતું. પરિણામે એક ચોસર દોઢથી બે કલાક સુધી સહજ રીતે ચાલતી અને સમગ્ર રાત્રિના પખાવાજમાં ભક્તિ તથા સંગીતનો અદભૂત માહોલ સર્જાતો.

જૂના જાણકારો કહેતા કે પખાવાજમાં ગવાતી આ ચોસરો માત્ર મનોરંજન નહોતી; તે એક પ્રકારની સામૂહિક ભક્તિ-સાધના હતી, જેમાં રાગ, સમય, શબ્દ અને ભાવ ચારેયનું અનોખું મિલન થતું. તેથી આખી રાત્રિનું પખાવાજ એક આધ્યાત્મિક યાત્રા જેવો અનુભવ કરાવતું.

બીજી ચોસર (સામાન્ય સમય રાત્રે ૧૧ થી ૧ વાગ્યા સુધી) રાત્રિ ગાઢ બનતી જાય અને બહારનું જગત નિદ્રાધીન થઈ જાય ત્યારે ભક્તનું મન પ્રભુ ચરણોમાં વધુ સ્થિર બનતું. આ ગીતોમાં પ્રાર્થના, શરણાગતિ અને પ્રભુદર્શનની તીવ્ર ઝંખના વ્યક્ત થતી. આ ચોસરમાં વધુ ભાવસભર અને આરાધનાત્મક સ્તવનો ગવાતા. આ ચોસરમાં -

''પ્રભુ ભજ લે હા રે''

''કોણ કરે હા રે, કોણ કરે રે જંજાળ જગમાં...''

''મુજરો રે હા રે, મુજરો માનીને લીજે રે...''

''પ્રભુ દર્શનકો બહુ પ્રેમ...''

''ચંદ્ર પ્રભુજી સે ધ્યાન રે...''

''મહાવીર પ્રભુ ઘરે આવે રે... ''

જેવા સ્તવનો ગવાતા. આ ગીતોમાં આત્માને પ્રભુભક્તિ તરફ વાળવાનો સંદેશ, પ્રભુચરણોમાં વંદન અને દર્શનપ્રાપ્તિની તીવ્ર ઝંખના વ્યક્ત થતી. રાત્રિના આ પ્રહરમાં વાતાવરણ વધુ શાંત બનતું અને ગાનમાં ભક્તિની ગહનતા અનુભવાતી. ઘણીવાર એક જ સ્તવન અડધો કલાક સુધી ખેંચાતું. આરોહ-અવરોહ, ટેક અને સમૂહગાનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જતું.

ત્રીજી ચોસર (સામાન્ય સમય રાત્રે ૧ થી ૩ વાગ્યા સુધી)

જૂની પખાવાજ પરંપરામાં ત્રીજી ચોસરને વિશેષ સ્થાન આપવામાં આવતું. આ સમયને ભક્તિનો મધ્યપ્રહર કહી શકાય. રાત્રિની ગહન નિરવતા વચ્ચે ગવાતા સ્તવનોમાં

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)

ભક્તિ, પ્રેમ, વૈરાગ્ય અને આત્માનંદનો અનોખો સંગમ જોવા મળતો. આ સમયને આનંદ, ઉત્સવ અને આંતરિક આધ્યાત્મિક રંગોનો સમય માનવામાં આવતો. આ ચોસરના કેટલાક લોકપ્રિય સ્તવનો :

''દયાળુ દેવ કૃપાળુ''

''બાજાત રંગ વધાઈ રે નગરમેં''

''વઈયો રે હાંરે, વઈયો જાય છે નીર''

''પારસ રે હાંરે પારસ પ્રભુજીસે લાગો મેરો ધ્યાન''

''હાલો રે માન હેમાળે જાઈએ''

''કિન સંગ ખેલું મેં હોરી''

''હોરી ખેલે મુનિરાજ...''

આ ચોસરની વિશેષતા એ હતી કે તેમાં હોરી અને ફગુઆ ગીતોનું વિશેષ સ્થાન રહેતું. સામાન્ય રીતે હોળીનો અર્થ રંગ, ગુલાલ અને ઉત્સવ સાથે જોડાય છે, પરંતુ જૈન પરંપરામાં હોરીનો અર્થ સંપૂર્ણપણે આધ્યાત્મિક છે. અહીં બહારના રંગોની નહીં, પરંતુ આત્માને જ્ઞાન, દર્શન અને ચારિત્રના રંગે રંગવાની વાત થાય છે. લોક પરંપરામાં હોળી રંગોનો ઉત્સવ છે. હોરી ખેલે મુનિરાજ જેવા ગીતોમાં મુનિભગવંતો આત્માનંદના રંગે રંગાયેલા દર્શાવવામાં આવે છે. અહીં રંગ એટલે : સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યકચારિત્ર. અહીં પિચકારી એટલે જ્ઞાનનો પ્રવાહ. અહીં ગુલાલ એટલે આત્માનંદ.

આ ચોસરમાં ગવાતા કેટલાક સ્તવનોમાં ભગવાન નેમિનાથ અને રાજુલની કથા પણ પ્રતિબિંબિત થાય છે. ભારતીય સાહિત્યમાં નેમ-રાજુલની કથા પ્રેમ, ત્યાગ અને વૈરાગ્યનું અદ્વિતીય ઉદાહરણ માનવામાં આવે છે. લગ્નમંડપ તરફ જતા નેમિકુમારે યજ્ઞ માટે બાંધેલા નિર્દોષ પશુઓનો કરુણ આક્રંદ સાંભળ્યો. તે ક્ષણે તેમના અંતરમાં વૈરાગ્ય જાગ્યું અને તેમણે રાજપાટ તથા લગ્નનો ત્યાગ કરીને સંયમનો માર્ગ સ્વીકાર્યો. રાજુલ માટે આ ઘટના વિરહની હતી, પરંતુ અંતે તે પણ આત્મકલ્યાણના માર્ગે આગળ વધી. હોરી અને ફગુઆ કેટલાક પદોમાં નેમ-રાજુલના સંવાદ, વિરહ, સમર્પણ અને અંતિમ વૈરાગ્યનો અદ્ભૂત ભાવ જોવા મળે છે. સખી નમીએ તે નેમ જિનરાજ, ગઢ ગિરનારી રે; રાણી રાજુલ જુવે વાટ, સાતે વારી રે સાંભળતા નેમ રાજુલનો પ્રસંગ આંખ સમક્ષ દેખાવા લાગે છે. બહારથી આ સ્તવનો પ્રેમસ્તવન જેવા લાગે, પરંતુ તેમની અંદર સંસારથી ઉપર ઊઠીને આત્મકલ્યાણ તરફ આગળ વધવાનો સંદેશ રહેલો હોય છે. આથી જ ત્રીજી ચોસરમાં ગવાતા હોરી અને ફગુઆ સ્તવનો માત્ર ઋતુસ્તવનો નહોતા; તે જૈન દર્શનના વૈરાગ્ય, ત્યાગ અને આત્મજાગૃતિના સંગીતમય રૂપક હતા.

જૂના પખાવાજમાં માત્ર સ્તવનો જ નહીં, પરંતુ હોરીઓ, સજ્ઝાયો, ચૈત્યવંદનના ગીતો, તીર્થસ્તવનો અને ક્યારેક રાસોના અંશો પણ ગવાતા. તેથી પખાવાજ આખી રાત ચાલતી એક સંગીતમય ભક્તિ યાત્રા બની જતી. સંગીતના જાણકારો કહેતાઃ 'સ્તવન ભક્તિ જગાવે, હોરી આનંદ જગાવે અને રાસો ઇતિહાસ તથા આદર્શોની યાદ અપાવે.' આ ત્રણેય મળીને જૈન સમાજની સમૃદ્ધ સંસ્તવન અને સાહિત્ય પરંપરાનું નિર્માણ કરે છે.

આ રીતે રાત્રિનો મધ્યપ્રહર આત્માનંદના રંગોમાં વિહરતો વિહરતો ધીમે ધીમે પ્રભાતની જાગૃતિ તરફ આગળ વધતો. પ્રથમ, બીજી અને ત્રીજી ચોસર મળીને રાત્રિના છ કલાક દરમિયાન ભક્તિ, સંસ્તવન અને સાધનાનો એવો માહોલ સર્જતી કે સમગ્ર ગામ કે સમાજ એક પ્રકારના આધ્યાત્મિક ઉત્સવમાં જોડાઈ જતો.

ક્રમશઃ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

। પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી । સાચી જરીની સાડીઓ બોર્ડર । જુના સાચા ઘરચોળા । કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,

માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖



# વતનના વર્તમાન

## સંકલન : કેસરસિંહ ખોના

### વાયોર-લખપત વાયા કોટેશ્વર રેલલાઈન

ભારત સરકારના રેલવે મંત્રાલયે વાયોસ્કોટેશ્વર લખપત બ્રોડગેજ રેલવે લાઈન માટે ૬૬ કિ.મી. જમીન સંપાદન કરનાર છે. જાહેરનામું બહાર પડી ગયું છે. કંડલાથી લખપત રેલવેલાઈન પ્રોજેક્ટ દાયકાઓથી લટકેલો છે. ૧૯૭૫માં આ લાઈન માટે સર્વે થયો હતો. હવે નલીયા સુધી લાઈન બની ગઈ છે. હવે વાયોર, કોટેશ્વર લખપત લાઈન માટે રૂા. ૩૩૭૫ કરોડના ખર્ચે આ લાઈનના નિર્માણ માટે મંજુરી મળી છે.

લાઈનમાં ૧૫ સ્ટેશન, ૯૧ રોડ અંડરબ્રીજિ, ૩૯ મોટા બ્રીજ, ૭૪ નાના બ્રીજ બનશે. લાઈનની અડફેટે આવતી જમીન માટે અધિગ્રહણના આદેશ છે. તે માટે ખાનગી માલિકોના વાંધાવચક સાંભળવામાં આવશે. આશા રાખીએ કે આ વખતે ગાડી બરાબર પાટે ચઢશે.

### તૂણા ટેકરા બંદરને ઈમીગ્રેશન ચેકપસ્ટનો દરજ્જો

દીનદયાલ કંડલા પોર્ટથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલા તૂણા મોટા બારમાસી મેકેનાઈઝડ બલ્ક ટર્મિનલને આંતરરાષ્ટ્રીય ઈમીગ્રેશન ચેકપોસ્ટનો દરજ્જો આપવામાં આવ્યો છે. તૂણાનું ટેકરા ટર્મિનલ ડીપી વર્લ્ડ દ્વારા વિક્સાવવામાં આવી રહ્યું છે. એનું સંચાલન અદાણી પોર્ટ હસ્તક છે. અઢારમી સદીના મધ્યમાં મહારાવ રાયધણજી ત્રીજાના રાજકાળ દરમિયાન માંડવી, તૂણા અને લખપત બંદરોનો વિકાસ કરાયો હતો.

નોંધવું રહ્યું કે કચ્છ રાજ્યની માલિકીની નેરોગેજ રેલવે તૂણાથી અંજાર વચ્ચે ૧૯૦૫માં ચાલુ થઈ હતી. ૧૯૦૮માં જેને ભુજ સુધી લંબાવવામાં આવી હતી. ૧૯૩૦ના દાયકામાં મહારાવ ખેંગારજી ત્રીજાએ કંડલાને બંદર તરીકે વિક્સાવવાની યોજના હાથ ધરી હતી. હાલ તૂણા-અંજાર રેલ લિંક અસ્તિત્વમાં નથી પણ અંજારને કંડલા સાથે જોડતી નવી રેલ લિંક સ્થાપિત કરવામાં આવી છે.

### કચ્છના વડીલોની તીર્થયાત્રા

માનવજ્યોતના નેજા હેઠળ એલએમ ભક્તા, વડીલોનો વિસામો દ્વારા ૬૦ વડીલોને પુંઅરેશ્વર, માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર આદિ તીર્થોની યાત્રા દાતાના સહયોગથી કરાવવામાં આવી હતી. પ્રબોધભાઈ મુનવર અને સાથીઓએ યાત્રાની વ્યવસ્થા સંભાળી હતી.

### ધીંગેશ્વર ખાખચોકમાં મંદિર જીણોદ્ધાર

ભુજના લોકપ્રિય ધીંગેશ્વર મહાદેવ મંદિર પાસેના રામ મંદિર ખાખચોક હનુમાનજીના મંદિર સંકુલનું જીર્ણોદ્ધાર વિનોદભાઈ સોલંકી પરિવારના સહયોગથી હાથ ધરાયું હતું તે પૂર્ણ થવાના વાવડ છે.

### કર્ણાટક મૈસૂર, ગુજરાત કલા ઉત્સવ

તાજેતરમાં કર્ણાટકના મૈસૂર શહેરમાં યોજાયેલા ગુજરાત હસ્તકલા ઉત્સવમાં કચ્છ કલા, કસબ અને સંસ્કૃતિ છવાઈ ગયા હતા. ઈન્ડેક્સ્ટ સી, ગુજરાત દ્વારા મૈસૂરની અર્બન હાટમાં કચ્છ કાકા ગૈલરીઝમાં કચ્છી ભરત, અજરખ બ્લોક પ્રિન્ટ, બાંધણી, શાલ વગેરેની કારીગરીએ ખૂબજ આકર્ષણ જમાવ્યું હતું.

### સોતારડા શાળામાં પુસ્તક વિતરણ

પ્રેમ રત્ન માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ અને પ્રેમરત્ન પરિવાર શંખેશ્વર દ્વારા સોતારડા શાળાના ૮૦૦ વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ કરાયું હતું.

### માનવ જ્યોત દ્વારા સાડી સહાય

જાણીતી સમાજ સેવી સંસ્થા માનવ જ્યોત દ્વારા સમર્પણ સ્ટોરના સંચાલક કિર્તીભાઈ વોરા અને રઘુવંશી મહિલા મંડળન ભુજના સહયોગથી જરૂરિયાતમંદ મહિલાઓને ૧૨૫ સાડીઓ વહેંચવામાં આવી હતી. પ્રબોધભાઈ મુનવર, કિર્તીભાઈ વોરા અને પૃથ્વીરાજસિંહ જાહેજાના હસ્તે આ સાડીઓ વહેંચવામાં આવી હતી.

### વિજયરાજજી લાયબ્રેરીમાં વિશ્વ સંગીત દિન

વિશ્વ સંગીત દિન નિમિત્તે ભુજની વિખ્યાત વિજય રાજજી લાયબ્રેરીમાં કરાઓકે ગ્રુપ કલાવૃંદ ક્લબ તથા અન્યોએ સંગીત સંધ્યાનું આયોજન કર્યું હતું.



# મંગલકારી મંજલ મારું રૂડું રૂપાળું ગામ રે... ત્યાં આદેશ્વરનાં ધામ રે...

આલેખનકાર.. સોમ ધરમશી (મો. : ૯૭૨૬૭૭૬૬૨૭)



શ્રી મંજલનું પૂર્વ જિનાલય

તા. ૧૨-૧૩ ફેબ્રુઆરી-૨૦૨૬નાં સપરમાં દિવસે પ.પૂ. ગણિવર્ય શ્રી રાજરત્નસાગર મ.સા. (અમારા માટે રાજા મહારાજ)ની ભવ્ય નિશ્રામાં ૧૦૦થી પણ વધુ ભાવિકજનોની હાજરીમાં મંજલરત્ના પ.પૂ. સાધ્વીશ્રી માણેકશ્રીજી મ.સા.ની કાયમી સ્મૃતિ ભાવે, પ્રવર્તિની પ.પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ની અંતર મહેચ્છા-આશિષ સાથે ગુરુની ચરણકિંકર પ.પૂ. સાધ્વશ્રી જિનપ્રભાશ્રીજી મ.સા.નાં પરમ ગુરુભક્તો પરિવારજનોએ અંતરના ઉછળતા ભાવોએ ભાગ લીધેલ. પાંચે-પાંચ તીર્થંકરોની ભવ્ય મૂર્તિઓની ચલપ્રતિષ્ઠા થઈ.

વિધિકાર હતા અમારા લાડીલા શાસન ગૌરવ શ્રી ચંદ્રકાંતભાઈ પ્રેમજી દેઢીયા, ગામ બિદડાવાળા, તેમના શુદ્ધ મંત્રોચ્ચાર, સહાયક ગોરજી કેવલભાઈ ગાલા ગઢશીશાવાળા ના વિધિવિધાન, તેમજ તેમના સંગીતકારોએ મધુર સુરાવલી વહેવળાવી રંગ રાખ્યો... રંગ રાખ્યો.

હાલમાં જ દિનાંક ૦૨-૦૩/૦૭/૨૦૨૬ શ્રી દેરાસરજીનાં વિશાળ પટાંગણમાં **ગણિવર્ય શ્રી રાજરત્ન મ.સા.** અને **પ.પૂ. મુનિરાજ શ્રી પુનયોદયસાગર મ.સા., પ.પૂ. મુનિરાજશ્રી અનંતરત્નસાગર મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગર મ.સા., મંજલરત્ન પ.પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગર મ.સા.,** તથા **પ.પૂ. મુનિરાજ શ્રી પદ્મોદયસાગર મ.સા.** સાધુ ભગવંતોના આશિર્વાદથી **શ્રી ગુરૂ ગુણોદય સ્મૃતિ મંદિર** ખનન-શિલાન્યાશ વિધિ એવમ્ **આરાધના ભવન તથા વિવિધલક્ષી સંકુલન**ના શિલાન્યાશ પ્રસંગે પાવનકારી નિશ્રા પ્રદાન થઈ.

ગુરૂ પુજનનો લાભ **માતુશ્રી જયાબેન ચત્રભુજ દંડ પરિવાર**, હસ્તે : **અ.સો. નિલમબેન અનિલ દંડ** પરિવાર અને **માતુશ્રી નિર્મળાબેન પ્રફુલ્લ ધનજી લોડાયા પરિવારે** લીધેલ. કામળી વોરવાનો અમૂલ્ય લાભ **શ્રી ઉપેનભાઈ રમણીકભાઈ ગડા** પરિવારે લીધેલ. શ્રી આદેશ્વરજી મહારાજ જિલાનયનાં ઈતિહાસનાં સોનેરી પાનામાં ભવ્ય ભૂતકાળનાં કેટલાક ભવ્ય સંસ્મરણો સમાયેલાં છે. આ સંસ્મરણોને સંપાદિત કરવાનો એક નમ્ર પ્રયાસ અહીં કરેલ છે.

લગભગ ઈ.સ. ૧૮૮૨ની આસપાસ મંજલનાં શ્રેષ્ઠીવર્યોની ઉદાર સખાવતથી એક રમણીય, મીનાકારીથી શોભતું મંદિર નિર્માણ પામ્યું. આ મંદિરનાં વહિવટ માટે **શ્રી નથુભાઈ નરશી દંડ, શ્રી શામજી પાસુભાઈ, શ્રી દેવજી નથુભાઈ ધરમશી, શ્રી જેઠાભાઈ ગોવિંદજી ધરમશી, શ્રી લીલાધર દેવજી, શ્રી દેવજી આણંદજી (પાંચોરા)** અને **શ્રી કાનજી ટોકરશી લોડાયા** પ્રથમ ટ્રસ્ટીઓ તરીકે **શ્રી ક.દ.ઓ. જૈન મહાજન-મંજલ**ની સભામાં નિયુક્ત કરવામાં આવ્યા.

ત્યાર પછી આ શ્રી જિનાલયની સેવામાં **શ્રી મણિલાલ કાનજી લોડાયા, શ્રી અરજણ ચાંપશી દંડ, શ્રી મેઘજી ગોવિંદજી ધરમશી, શ્રી વિશનજી લાલજી ધરમશી, શ્રી લક્ષ્મીચંદ ઠાકરશી ધરમશી, શ્રી કાંતિલાલ અરજણ દંડ, શ્રી ખીમજી અરજણ દંડ, શ્રી હુકમચંદ જવેરચંદ ધરમશી (પૂર્વ મ. ટ્રસ્ટી), શ્રી સોમચંદ વિશનજી ધરમશી, શ્રી સુશીલકુમાર લહેરચંદ લોડાયા, શ્રી વિજય કાંતિલાલ દંડ, શ્રી હિરાચંદ દામજી દંડ, શ્રી બિપીનકુમાર હિરાચંદ ગાલા, શ્રી તુષાર મધુકાંત દંડ, શ્રી અનિલ ચત્રભુજ દંડ, શ્રી લઘુભાઈ**



અમારા ગરવા ગુરુરાજ

**નારાણજી દંડ** વગેરે જોડાયા.

**-::અમારા કર્મનિષ્ઠ પુજારીશ્રીઓ ::-**

પુજારી **શ્રી વાલજી વેલજી દંડ (મંજલ), શ્રી દેવજી જેઠા નાગડા (પરજાઉ), શ્રી હંસરાજ મુરજી નાગડા (સિધોડી મોટી), શ્રી હિરાલાલ (મંજલ), શ્રી બંકીમ મૈશેરી (જીવરાજ દંડ ના જમાઈ), શ્રી કાંતિલાલ લોડાયા (કોઠારા)** અને **શ્રી નારાણજી લખમશી દંડ** ઉર્ફે શ્રી ભચુભાઈ એ સેવા આપી.

**''શ્રી આદિનાથ જિનાલયનો શિલાન્યાસથી નિર્માણ સુધીનો ઈતિહાસ...''**

**''મોરેવારી મંજલ.''** આ નાનકડા ગામમાં સંઘના પ્રબળ પુણ્યોંદયે તેમજ પૂર્વજોનાં પ્રચંડ પુરુષાર્થનાં બળે ૧૩૮ વર્ષ પહેલાં, વિ.સ. ૧૯૩૮નાં વૈશાખ સુદ-૧૧નાં પાવન દિવસે, નાના પણ સોહામણા જિનાલયમાં **શ્રી આદેશ્વરજી દાદા** તેમજ અન્ય ચાર તીર્થંકરોની અપ્રતિમ મૂર્તિઓને જૈન શ્રેષ્ઠિવર્યોની હાજરીમાં તત્કાલીન આચાર્યશ્રીજી ના કરકમલો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા-અંજનશલાકા કરાવી સમાજને અર્પણ કરવામાં આવી હતી. આજથી આઠ-દશ વર્ષ પૂર્વ **અચલગચ્છાધિપતિ તપચક્ર ચક્રવર્તી પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા અન્ય શ્રી શ્રમણ-શ્રમણી ભગવંતો દ્વારા વિહાર દરમ્યાન સુચન કરવામાં આવ્યું કે આ ૧૩૫ વર્ષ જુનું દેરાસર હવે જિર્ણોદ્ધાર માંગે છે.

૧૩૬મી ધજા મહોત્સવ પ્રસંગે (તા. ૨૪/૦૪/૨૦૧૮) સુદીર્ઘ **વર્ષીતપારાધક, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ.આ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વક્જી મ.સા.** આદી ઠાણાનાં પુનિત પગલાંથી મંજલ નગરની ધરતી પાવન થઈ.

તે વખતે **પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.**એ પ્રસંગોચિત પ્રવચનમાં ૧૩૩મી ધજાનો પ્રસંગ યાદ કરી મંજલનાં દશા-વીશા ભાઈઓની એકતાના વખાણ કરતા ગામમાં અદ્યતન રમણીય અતિથિગૃહ અને ભોજનશાળાનાં નિર્માણ બદલ અભિનંદન અર્પિત કરતાા હાકલ કરી કે *''આવો જ સુંદર સાથ અને સહકાર શ્રી દેરાસર ટ્રસ્ટ અને શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘ સાથે સુમેળભર્યો રહેશે તો આવતા વર્ષે સાહેબજીના કરકમલો દ્વારા નૂતન જિનાલયના ખાતમુહૂર્ત થશે અને બે થી ત્રણ વર્ષમાં નિર્માણ પામશે.''* શ્રી ટ્રસ્ટી મંડળ તેમજ સંઘનાં કાર્યકર્તાઓએ શુભનિષ્ઠાથી સંકલ્પ કર્યો કે આ કામ હવે ઝડપથી પુરું થવું જોઈએ અને દિનાંક : ૯/૧૦-૧૨/૨૦૧૮નાં રોજ શ્રી જિનાલયનાં બાજુનાં પ્લોટ ઉપર ખનન વિધિ અને શિલાસ્થાપન વિધિ કરાવી શુભકાર્યની શરૂઆત કરાવી દીધી.

પ.પૂ. અચલગચ્છાધિપતિનાં આશિર્વાદથી, ટ્રસ્ટીશ્રીઓ ની મહેનતથી રૂા. ૨ કરોડ ૧૪ લાખ એકત્રિત કરી શક્યા. આ કાર્યમાં શ્રી બિપિન હિરાચંદ ગાલા એ કમરકસી, મહેનત કરી અમૂલ્ય ધનરાશિ એકત્ર કરાવી, લાભ લેનાર લાભાર્થીનું નામ જિનાલય પરિસરમાં યોગ્ય સ્થાને સુવર્ણ અક્ષરોમાં અંકિત કરવામાં આવશે એ ઘોષણા કરવામાં આવી. આ નૂતન જિનાલયનની વિધિવત પ્રતિષ્ઠા નજીકના જ ભવિષ્યમાં થનાર છે તે માટે શ્રી આદેશ્વરજી મ. જૈન દેરાસર ટ્રસ્ટના હાલના ટ્રસ્ટીઓ કાર્યરત છે.

હું પણ આગલી રાતે નૂતન જિનાલયનાં દર્શન કરવા ગયો ત્યારે ત્યાં ધ્વંસ થયેલ શ્રી જિનાલય સાથે સંસ્મરણો સંકડાયેલા યાદ આવી ગયા. ધજા મહોત્સવ, પયુર્ષણ પર્વમાં અહીં આવતો ત્યારે રાત્રી ભાવનામાં **સ્વ. શ્રી ચંદુલાલ પ્રાગજી રાજગોર** અને **શ્રી રાજેશ કલ્યાણ વોરા** ભાવનાને ગજવી મુકતા પગથીયા પર બેસી જુના શ્રી જિનાલયના સંસ્મરણોમાં સરી પડ્યો. આકાશમાં ચંદ્રમાંના પ્રકાશમાં ત્યાં જ ક્યારે જોકું આવી ગયું તે ખબર ન પડી. નૂતન જિનાલયનાં નવનિર્માણ વખતે સોમપુરા સ્વ. શ્રી પ્રકાશભાઈ તેમજ તેમના નાના ભાઈ શ્રી જીતુભાઈ અને શ્રી રાહુલ સુથાર તેમજ અન્ય લોકોના સાથ-સહકારને બિરદાવું નહીં તો અવિનયી ગણાવું.

આ નૂતન જિનાલયનાં નવનિર્માણમાં મને તેમજ મારા જીવનસાથી શ્રીમતી લતાબેન ધરમશીને સેવા કરવાનો જે અમૂલ્ય લાભ દાદા આદેશ્વરજીએ આપ્યો તે ભવોભવ યાદ રહેશે. શ્રી દેરાસરજીના ઈતિહાસનું સંકલન સંપૂર્ણ. (આમાં ક્યાંક ભુલ રહી ગઈ હોય તો હું ક્ષમાપ્રાર્થી છું.) છેલ્લે સંત શ્રી કબીરની એક સાખી અહીં મુકવાનો લોભ છુટતો નથી...

**''મેરા મુજમેં કુછ નાહીં, જો હોવત હૈ વો તેરા,**
**તેરા તુજકો સોપ દીયા ક્યા લાગે હે મોરા''**

Advt.



નિર્માણ પામેલ નૂતન જિનાલય

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ, મુંબઈમાં પ્રથમવાર પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.નો ઐતિહાસિક ચાતુર્માસ પ્રવેશ





શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ, મુંબઈના ધાર્મિક ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ રહે તેવો ઐતિહાસિક પ્રસંગ તા. ૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ ભાંડુપ (પશ્ચિમ) સ્થિત નેપચ્યુન મોલ ખાતે ઉજવાયો, જ્યારે અચલગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબનો પાવન ચાતુર્માસ પ્રવેશ ભવ્યતા, ભક્તિ અને હર્ષોલ્લાસ વચ્ચે સંપન્ન થયો.

આ પવિત્ર પ્રસંગે જ્ઞાતિના અગ્રણીઓ સહિત ૪,૫૦૦થી વધુ શ્રાવક-શ્રાવિકાઓ અને ભાવિકોએ ઉમટી પડી આચાર્ય ભગવંતશ્રીનું ભવ્ય સામૈયું, ગુરુવંદન અને જયઘોષ સાથે ભાવભર્યું સ્વાગત કર્યું. સમગ્ર વાતાવરણ ધર્મમય બની ગયું હતું અને ભક્તિ, શ્રદ્ધા તથા ગુરુભક્તિનો અનોખો સંગમ સર્જાયો હતો. ઉપસ્થિત સૌએ આ ઐતિહાસિક અવસરને જીવનનું અવિસ્મરણીય સૌભાગ્ય ગણાવી ધર્મારાધનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કર્યો.

આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, યુવા કાર્યકરો તથા અસંખ્ય સ્વયંસેવકોએ અનેક દિવસોની સતત દોડધામ, સુચારૂ આયોજન અને નિષ્ઠાપૂર્વકની સેવાઓ દ્વારા અવિરત પરિશ્રમ કર્યો હતો. તેમની સુનિયોજિત વ્યવસ્થા, સમયબદ્ધ સંકલન અને સમર્પિત સેવાભાવને કારણે સમગ્ર કાર્યક્રમ અત્યંત ભવ્ય અને સફળતાપૂર્વક સંપન્ન થયો.

આ કાર્યક્રમનું આયોજન શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - ભાંડુપના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ જ્ઞાતિના ધાર્મિક ઇતિહાસમાં એક ગૌરવપૂર્ણ સીમાચિહ્ન બની રહ્યો અને આવનારા વર્ષો સુધી ભાવિકોની સ્મૃતિમાં અંકિત રહેશે.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ - મોટી સિંધોડી



વર્ષ ૨૦૨૬નો ત્રીજો પ્રોગ્રામ પિકનીક (૨ દિવસ/૧ રાત્રિ) નંદીબાગ રીસોર્ટ્સ (કર્જત) ખાતે મોન્સુન મસ્તી સાથે સ્વીમીંગ, બોટીગ, સાયકલીંગ ,રેન ડાન્સ, કરાઓકે ગીતો સાથે વિવિધ રમતો રમ્યા. વિજેતાઓને આકર્ષક ઇનામો પણ આપવામાં આવ્યા.

### શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ યુવા મંચ



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન પશ્ચિમ એકમ યુવા મંચની તા. ૧૨ જુલાઈ ૨૦૨૬ના રોજ પ. પુ. સાધ્વી શ્રી

ચૈતન્યરક્ષિતાશ્રીજી મહારાજ સાહેબ તથા પ.પુ. સાધ્વી શ્રી વ્રતરક્ષિતાશ્રીજી મહારાજ સાહેબની નિશ્રામાં સ્થાપના કરવામાં આવી. એકમના સેક્રેટરી શ્રી મુકેશ માણેકજી લોડાયાને યુવા મંચના મેન્ટોર નક્કી કરવામાં આવ્યા.

મીટીંગમાં હાજર રહેલા સભ્યો : ૧) મુકેશ માણેકજી લોડાયા ૨) દીપ ચંદ્રેશ છેડા ૩) ઉદય ચંદ્રેશ છેડા ૪) રોહન હીરેન શીયાલ ૫) આયુષ સુધીર લોડાયા ૬) ધૈર્ય વર્ધમાન નાગડા ૭) દિવ્યેશ હરિશ દંડ ૮) જાનવી કીરીટભાઇ લોડાયા ૯) નિતિકા સંજયભાઈ દંડ ૧૦) યશશ્રી અશ્વિનભાઈ ઉદાણી ૧૧) ધ્રુવી અવિનાશ દંડ ૧૨) નંદિકા મુકેશ લોડાયા ૧૩) મનન અમિત મોમાયા ૧૪) ક્રિશ્ના અમિત મોમાયા.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન પશ્ચિમ એકમ યુવા મંચના પ્રમુખ તરીકે એડવોકેટ નિતિકા સંજયભાઈ દંડ, ઉપ પ્રમુખ તરીકે આયુષ સુધીર શાહ (લોડાયા), સેક્રેટરી તરીકે ધૈર્ય વર્ધમાન નાગડા તથા ઉપ પ્રમુખ તરીકે જાનવી કીરીટભાઇ લોડાયાની વરણી સર્વાનુમતે કરવામાં આવી.

**વિનીત કપ ક્રિકેટ સ્પર્ધા-ડોંબિવલી**





૨૧ જુન ૨૦૨૬ના દિવસે પિતા દિવસ નિમિતે પ્રિન્સ અને રોનક ધરમશીએ પોતાના પપ્પા સ્વ. શ્રી. વિનીત ધનજી ધરમશીની યાદમાં વિનીત કપ ક્રિકેટ સ્પર્ધાનું ડોંબિવલીમાં મઢવી ટર્ફ પર આયોજન કર્યું હતું . સ્પર્ધામાં ૧૨ ટીમ્સ અને ૮૪ ખિલાડીઓએ ભાગ લીધો. બહુજ જોરદાર સ્પર્ધા થઈ, આખા દિવસમાં ૪૦ મેચ થઈ અને બધી જ રોમાંચક હતી. વિજેતા ટીમ ડોબી શાર્કર્સ.



**હિતાંશ આશિષ મોમાયા**

હિતાંશ આશિષ મોમાયા-વરાડિયા (પૂના)એ યીપી નૂડલ્સ અને ટાઈમ્સ ઓફ ઈંડિયાના સહયોગથી મેરીલિબોન ક્રિકેટ ક્લબ(એમસીસી) દ્વારા આયોજીત શૈક્ષણિક આયોજનમાં લોર્ડસ ક્વીઝ ચેલેન્જમાં ગ્રાન્ડ પ્રાઈઝ મેળવ્યું છે.

**શ્રી ક.દ.ઓ. મહાજન-નાગપુર**



સી.એ. ઉર્વી ડિમ્પલ ધરમશી સી.એ.ની ફાઈનલ પરીક્ષામાં પ્રથમ પ્રયાસે નાગપુર કેન્દ્રમાં ૪થા ક્રમાંકે ઉત્તીર્ણ થયા તેમનું મહાજન દ્વારા સન્માન કરવામાં આવ્યું.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, ગાંધીધામ**



અષાઢી બીજના ઉપલક્ષમાં કચ્છી નવા વર્ષની ઉજવણીની સાથે મહાકાળી માતાજીની ભાવના અને રામાપીર અને ભલારા દાદાની પહેડી પ્રસાદનું એક ભવ્ય ધાર્મિક કાર્યક્રમ અને સંગીતમય રાસ ગરબાનું આયોજન તા.૧૨ જુલાઈએ કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય દાતાઓના સહયોગથી વિવિધ ધાર્મિક પહેડી કરવામાં આવેલ. જ્ઞાતિજનોને આવકાર અને મહાજનના કાર્યોની માહિતી મહાજન પ્રમુખ લહેરચંદ ખોનાએ આપેલ હતી અને કાર્યક્રમના અંતમાં બધા મુખ્ય દાતા સાથે સહયોગી તમામ દાતા અને આ કાર્યમાં જોડાનાર તમામ જ્ઞાતિજનોનો આભાર મંત્રી મહેશ લાલકાએ માનેલ. કાર્યક્રમનું સંચાલન જેસલ દંડ અને કેતન લોડાયાએ કરેલ. સંગીતમય દુનિયામાં ભક્તિમાં તરબોળ ભુજના કમલેશગીરી ગોસ્વામીએ કરાવેલ. રાત્રે પરંપરાગત રાસ ગરબા, મટુકડી, ૧૨- દાંડિયા સાથે રસિયાઓ ઝૂમી ઉઠ્યા હતા. છેલ્લે મુંજી માતૃભૂમિ કે નમન અને રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું.

## શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા



ગદગ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા શ્રી તિલકચંદ કુંવરજી લોડાયાનું સમાજસેવા બદલ બહુમાન કરવામાં આવ્યું.

## શ્રીમતી ચાંદની યશ લોડાયા



નલીયાના વાશી-નવી મુંબઈ નિવાસી શ્રીમતી ચાંદનીબેન યશ લોડાયાને ૮મા વાર્ષિક સમારંભમાં 'વુમન લીડર ઈન ઈન્સોલવન્સી એન્ડ રીસ્ટક્ચરીંગ એન્ડ ક્રોસ બોર્ડર ઈન્સોલવન્સી એક્સલેન્સ એવોર્ડ' મળ્યો છે.

## સખીવૃંદ - પુના





સખીવૃંદના બે ગ્રુપોએ અલગ-અલગ 'નિવારા વૃદ્ધાશ્રમ' અને 'માઝા ઘર' એમ બે વૃદ્ધાશ્રમોની મુલાકાત લીધી હતી. ત્યાં વૃદ્ધો સાથે રમતો રમ્યા, વાતચીત કરી, ગીતો ગાઈ અને તેમને ખુશી આપવાનો પ્રયાસ કર્યો હતો. વૃદ્ધાશ્રમોની જરૂરત અનુસાર વસ્તુ ભેટ તથા રોકડ દાન આપવામાં આવ્યું હતું.

## કેડીઓ ક્લાસિક સંસ્થા





તા. ૧૨.૦૭.૨૬ના કેડીઓ ક્લાસિક દ્વારા એક ભજન જેમિંગ સંધ્યાનું આયોજન કરીને કચ્છી નવા વર્ષનો આગોતરો આવકાર આપ્યો હતો. ૪ તરવરતા યુવાનો જે 'જેમિંગ સર્કલ' ના નામે ભજનો ગાય છે, એમણે સહુને ભજન ભક્તિ રસમાં તરબોળ કર્યા અને હા, પાછું હિંદી અને ગુજરાતી ગીતો ઉપર સભાસદોના થનગનાટે સંધ્યા પર એક ચમક પાથરી હતી.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુર



મંડળની ત્રિવાર્ષિક ચુંટણી અને સભા તા. ૧૨.૦૭.૨૦૨૬ના રાખવામાં આવેલ. યુવા મંડળના અધ્યક્ષ શ્રી વિરલ રાજેશભાઈ લોડાયાએ એમના કાર્યકાળમાં સર્વે જ્ઞાતિજનો દ્વારા આપેલ સહયોગ બદલ ખૂબ ખૂબ આભાર માનેલ. ચુંટણી અધિકારી તરીકે શ્રી હરીશ શીવજીભાઈ લોડાયા અને શ્રી ભાવિક શશીકાંત નાગડાએ સેવા આપેલ. વર્ષ ૨૧.૦૪.૨૦૨૬ થી ૩૧.૦૩.૨૦૨૯ માટે નીચે મુજબના પદાધિકારીઓ બીનહરીફ ચુંટાઈ આવેલ હતા.

અધ્યક્ષ : સૌ. દિપાબેન નયનભાઈ મોમાયા, ઉપાધ્યક્ષો : સૌ. પૂજા હિતેશભાઈ મોમાયા અને શ્રી જિગ્નેશ ગિરિશભાઈ નાગડા. સચિવ : શ્રી કરણ દિપકભાઈ નાગડા. સહસચિવ : ચિ. અર્પિત મનીષભાઈ લોડાયા, ચિ. પૂર્વેશ હરીશભાઈ લોડાયા. કોષાધ્યક્ષ : ચિ. રજત પ્રવિણભાઈ મોમાયા.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુર



આષાઢી બીજ કચ્છી નવ વર્ષની ઉજવણી તા. ૧૨.૦૭.૨૦૨૬ના રાખવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય અતિથી શ્રી દિપક કલ્યાણજીભાઈ નાગડા-જખૌ (રાયપુર) અને વિશિષ્ટ અતિથી અ.સૌ. વીણાબેન સચીનભાઈ મોમાયા-વરાડીયા (રાયપુર) સાથે શ્રી છ.ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, શ્રી કુંથુનાથ મહિલા મંડળના પ્રમુખ અ.સૌ. કલ્પનાબેન ચેતકભાઈ લોડાયા, યુવા મંડળના પ્રમુખ શ્રી વિરલ રાજેશભાઈ લોડાયા, મહામંત્રી શ્રી કરણ દિપકભાઈ નાગડા મંચ પર ઉપસ્થિત હતા.

અધ્યક્ષીય ઉદ્‌બોધન બાદ વડીલ શ્રી સન્માન અંતર્ગત શ્રી કુલીનકાંત ખેતશીભાઈ જીવાણી-જખૌ (રાયપુર), શ્રી રતન ચાંપશીભાઈ નાગડા-નલીયા (રાયપુર), શ્રી નિતીન વાલજીભાઈ નાગડા-તેરા (રાયપુર), માતુશ્રી હંસાબેન ભરતભાઈ નાગડા-નલીયા (રાયપુર) અ.સૌ. જયશ્રીબેન સુર્યકાંત મૈશેરી-નાની સિંધોડી (રાયપુર) અ.સૌ. ઉષાબેન દિનેશભાઈ મોમાયા-નલીયા (રાયપુર) સાથે સર્વશ્રેષ્ઠ કાર્યકર્તા ચિ. જય હરીશભાઈ લોડાયા, ચિ. કૃષ્ણા દિપેશભાઈ લાલકાનું બહુમાન કરવામાં આવેલ. ચિ. ધાન્યા સંજય જીવાણી દ્વારા ભરતનાટ્યમની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવેલ. ત્યારબાદ કુકીંગ સ્પર્ધા તથા કપલ ગેમના વિજેતાઓને ઈનામો આપવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન ચિ. અર્પિત મનીષભાઈ લોડાયા અને ચિ. કૃષ્ણા દિપેશભાઈ લાલકાએ કરેલ. સચિવ શ્રી કરણ દિપકભાઈ નાગડાએ રાયપુર, ભાટાપારા અને ભિલાઈથી પધારેલ જ્ઞાતિજનોનો આભાર માનેલ. શ્રી નિતેષ ઉમરશીભાઈ મૈશેરી અને શ્રી કપિલ નારાયણભાઈ મૈશેરી દ્વારા સર્વેને પૌધા વિતરણ કરવામાં આવેલ.

## કે.ડી.ઓ. કંપનીની ટીવી સીરીયલ દૂરદર્શન પર

હિંદી ટીવી સીરીયલ 'જમાના બદલ ગયા' જેમાં અરૂણા ઈરાની, અબ્બાસ ખાન, મેલીસા પાઈસ અને અન્ય કલાકારો અભિનય કરી રહ્યાં છે. આ સીરીયલ દૂરદર્શન નેશનલ નેટવર્ક પર ૫ ઓગસ્ટથી (સોમ થી શુક્ર) રાત્રે ૮.૩૦ કલાકે પ્રસારિત થશે. આ સીરીયલના પ્રૉડ્યુસર કે.ડી.ઓ. કંપની મધુ એન્ટરટેઈન્ટમેન્ટ એન્ડ મીડીયા પ્રા.લી. છે.

## ખાનદેશરત્ના શાસનપ્રભાવિકા પ.પૂ. ડો. જયદર્શિતાશ્રીજી મ.સા.નો 'આત્મોન્નતિ ચાતુર્માસ' પ્રવેશ અને 'શેઠ રાયચંદ ધરમશી ભવન'ના લોકાર્પણનો ઐતિહાસિક મહોત્સવ સંપન્ન





તા. ૧૯ જુલાઈ, રવિવારે, શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદના ઉપક્રમે, અમદાવાદના પાલડી સ્થિત નવનિર્મિત 'શેઠ રાયચંદ ધરમશી ભવન' ખાતે ખાનદેશ રત્ના શાસનપ્રભાવિકા પરમ પૂજ્ય સાધ્વીશ્રી ડો. જયદર્શિતાશ્રીજી મ.સા, પૂજ્ય સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા તથા પૂજ્ય સાધ્વીશ્રી જીનાજ્ઞાંશુશ્રીજી મ.સા ના 'આત્મોન્નતિ ચાતુર્માસ પ્રવેશ' તથા ભવનના લોકાર્પણનો ઐતિહાસિક મહોત્સવ અત્યંત ભવ્યતા, ભક્તિ અને ઉત્સાહ

સાથે ઉજવાયો. ૪૩ વર્ષ બાદ અમદાવાદની ધરતી પર પ. પૂ. ડો. જયદર્શિતાશ્રીજી મ.સાનું શુભાગમન થતાં સમગ્ર જૈન સમાજમાં આનંદ અને ઉત્સાહની અનોખી લહેર પ્રસરી ગઈ. ગણિવર્ય પરમ પૂજ્ય શ્રી રાજરત્નસાગરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય મુનિ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. તથા પરમ પૂજ્ય યતિ શ્રી મોતીસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં આ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ મહોત્સવ આધ્યાત્મિક ઉલ્લાસ વચ્ચે સંપન્ન થયો.



આ દિવ્ય પ્રસંગે ૮૫૦થી વધુ શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ ગુજરાતના અન્ય વિસ્તારો તથા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી શ્રાવક-શ્રાવિકાઓ, શ્રી કે.ડી.ઓ. જૈન મહાજનોના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને પ્રતિનિધિઓ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી અને મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયન ભેદા તથા સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ સહિત તેના મહાસચિવ શ્રી નિશિથ દંડની વિશેષ ઉપસ્થિતી રહી. દેશભરના મહાજનોની આ ઉપસ્થિતિએ સમગ્ર કે.ડી.ઓ. સમાજની એકતા, સંગઠનશક્તિ અને ધર્મપ્રેમને ઉજાગર કર્યો.

આ શુભ અવસરે શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન દ્વારા અમદાવાદમાં કે.ડી.ઓ. જ્ઞાતિના આગવા, પહેલવહેલા નિર્મિત, સાત માળના 'શેઠ રાયચંદ ધરમશી ભવન'નું લોકાર્પણ પણ સંપન્ન થયું. દાતાશ્રીઓના પુણ્યશાળી સહયોગથી નિર્મિત આ ભવનમાં ભોજનશાળા, સર્વ સુવિધા સભર બહુપયોગી હોલ, અતિથિગૃહ, વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ સહિત અનેક સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન થશે. ચાતુર્માસ દરમિયાન ગુરુવૈયાવચ્ચ, સ્વાધ્યાય, પરમાત્મા ભક્તિ, તપ-જપ, આરાધના તથા વિવિધ જૈન ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા, અમદાવાદમાં વસતા, આપણી જ્ઞાતિના ૩૫૦ પરિવારોના અનેક શ્રાવક-શ્રાવિકાઓના આધ્યાત્મિક ઉત્કર્ષનો માર્ગ વધુ ઉજ્જ્વળ બનશે તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી.

આ પ્રસંગે ભવનના નિર્માણમાં સહયોગ આપનાર મુખ્ય દાતા શ્રી રાયચંદ ધરમશી પરિવાર તથા અન્ય સર્વે લાભાર્થી પરિવારો તેમજ ચાતુર્માસના લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના કરવામાં આવી. તમામ દાતાશ્રી પરિવારોની ઉદારતા, ધર્મનિષ્ઠા અને સમાજ પ્રત્યેની સમર્પિત ભાવનાને બિરદાવવામાં આવી. આ 'માત્ર ભવનનું નિર્માણ નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે સેવા, સંસ્કાર અને સાધનાનું એક ચિરંજીવ તીર્થ સર્જવાનો મહાન ઉપક્રમ છે.'

આ સમગ્ર ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદના ટ્રસ્ટીગણ ખાસ કરીને માનદ મંત્રીશ્રી રાજેશ ધરમશી અને તેમની સાથેના યુવા કાર્યકરોએ દિવસ-રાત અવિરત પરિશ્રમ કરી ઉત્કૃષ્ટ આયોજનનું દૃષ્ટાંત પૂરું પાડ્યું.

અંતમાં શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદે તમામ દાતાશ્રી પરિવારો, ચાતુર્માસના લાભાર્થીઓ, દેશભરમાંથી પધારેલા ટ્રસ્ટીઓ-પ્રતિનિધિઓ તેમજ આ ઐતિહાસિક પ્રસંગને સફળ બનાવવા માટે નિઃસ્વાર્થ સેવા આપનાર તમામ કાર્યકરો પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સૌના સહયોગથી જ્ઞાતિસેવા અને ધર્મસેવાના બે મહાન આયામોનું એકસાથે સાકાર થયેલું આ આયોજન સમાજના ઇતિહાસમાં ચિરસ્મરણીય બની રહેશે.

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૨.૨૦૨૬ | દાદર | વિહા, કુંજન-યશ મુકેશ ધરમશી | સુથરી | પુત્રી |
| ૨૫.૦૩.૨૦૨૬ | ગોરેગામ | કાવ્યા, દિપ્તી-કરણ દેવકરણ દંડ | તેરા } જોડીયા | પુત્રી |
| | ગોરેગામ | કશિશ, દિપ્તી-કરણ દેવકરણ દંડ | તેરા } જોડીયા | પુત્રી |
| ૧૯.૦૫.૨૦૨૬ | ડોંબિવલી | કાશવી, એકતા - રાહુલ દિનેશ લોડાયા | મોટી ખાવડી | પુત્રી |
| ૦૬.૦૬.૨૦૨૬ | સેટેલ/દાદર | અગસ્ત્ય રૂષભ ઉપેન્દ્ર ગોશર | બારોઈ | પુત્ર |
| ૧૧.૦૬.૨૦૨૬ | બેંગ્લુરુ | ત્રિવીક, ગ્રીષ્મા-કપિલ કાંતિલાલ દંડ | લાલા | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૭.૨૦૨૬ | ભાંડુપ | ભૌમીક ચેતન મેઘજી મોતા | વારાપધર | ૩૦ |
| | ડોંબિવલી | રિયા દિનેશ હીરજી લોડાયા | રાપર ગઢવારી | ૨૭ |
| ૧૬.૦૭.૨૦૨૬ | ગાંધીધામ | જય નરેન્દ્ર આણંદજી ખોના | સાંધવ | ૨૬ |
| | ડોંબિવલી | વિધી નરેશ મેઘજી છેડા | નલિયા | ૨૫ |
| ૧૬.૦૭.૨૦૨૬ | સુરત | જય સુનીલ પ્રભુલાલ ખોના | મોટી ખાવડી | ૩૨ |
| | હુબલી | વામિની હિરેન ભદ્રીકચંદ નાગડા | નલિયા | ૨૯ |
| ૧૬.૦૭.૨૦૨૬ | હુબલી | દર્શિત ભરત ખીમજી મોમાયા | સાંયરા | ૨૮ |
| | નાંદેડ | દિશા હિમતલાલ લીલાધર લાપસિયા | દલતુંગી | ૨૭ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૭.૨૦૨૬ | જામનગર | આશય મનીષભાઈ હિરપરા | ગોરખડી | ૨૫ |
| | આદિપુર | દેવાંશી નિલય પ્રવિણભાઈ દંડ | તેરા | ૨૫ |
| ૧૫.૦૭.૨૦૨૬ | મુલુંડ | કેવિન ચેતન રમેશચંદ્ર નાગડા | રંગપુર | ૨૯ |
| | ભીવંડી | દેવાંશી પ્રદીપ દયાળજી રૂધાણી (ઠક્કર) | જામખંભાળીયા | ૩૨ |
| ૧૫.૦૭.૨૦૨૬ | ભાટાપારા | દર્શન કમલેશ મોતા | વારાપધર | ૨૭ |
| | ભાટાપારા | સ્તુતિ હંસરાજ ટાંટીયા | ભાટાપારા | -- |
| ૧૬.૦૭.૨૦૨૬ | પુણે | ઉમંગ ભરત લખમીચંદ લોડાયા | રાપર ગઢવારી | ૩૦ |
| | માલેગાંવ | ખુશ્બુ સ્વપ્નીલ સુશીલકુમાર કોઠારી | કુથેરા | ૨૮ |
| ૧૬.૦૭.૨૦૨૬ | ડોંબિવલી | ધીરજ હરિકિશન ભુરામલ કેડિયા | છીડાવા | ૩૩ |
| | ડોંબિવલી | ફોરમ હિરેન લખમશી ધરમશી | તેરા | ૩૧ |
| ૧૬.૦૭.૨૦૨૬ | બોરીવલી | રાહુલ કિશોર વિસનજી લોડાયા | દલતુંગી | ૨૯ |
| | દહીસર | અનુશ્કા અજય જનાર્દન માંજરેકર | કનકવલી | ૨૮ |
| ૧૬.૦૭.૨૦૨૬ | ડોંબિવલી | કેવલ ખુશાલ કુંવરજી ધરમશી | ગોરખડી | ૨૯ |
| | ડોંબિવલી | નેન્શી શૈલેશ ગંભીરદાસ મહેતા | તળાજા | ૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૭.૨૦૨૬ | સીવૂડ/લંડન | મોહિત સુધીર દત્તારામ કોલી | કોલાબા | ૩૦ |
| | મલાડ/લંડન | કિંજલ અજય જેઠાલાલ ખોના | રંગપુર | ૨૮ |
| ૧૬.૦૭.૨૦૨૬ | વાપી | રાજ દિપક રતિલાલ નાગડા | કોઠારા | ૨૧ |
| | ડોંબિવલી | નીતા કેતન ચુનીલાલ ગાલા | લાયજા | -- |
| ૧૯.૦૭.૨૦૨૬ | જુનાગઢ | પ્રણવ જનકભાઈ રાજગુરૂ | જુનાગાઢ | -- |
| | બાગલકોટ | કૃતિકા નિતીન હેમરાજ નાગડા | સાંધાણ | ૩૨ |

**જ્ઞાતિ લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૩.૨૦૨૬ | સેલુ | ઉર્મિલ લહેરચંદ ખોના | જખૌ | ૨૭ |
| | ભુજ | ચાંદની લીરેશભાઈ દંડ | સુથરી | ૨૭ |
| ૧૧.૦૭.૨૦૨૬ | વિરાર | સંજય ભરત પદમશી મોતા | ભરૂડીયા | ૩૩ |
| | અમદાવાદ | અંજના હરેશ શાંતિલાલ છેડા | જસાપર | ૩૨ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૭.૨૦૨૬ | પુના | દમયંતીબેન લાલજી (મગનભાઈ) મોમાયા-પટેલ | સાંયરા | ૮૫ |
| ૦૪.૦૭.૨૦૨૬ | ભાવનગર | મયુર ઉપેન્દ્ર સુધાકર લાપસિયા (મઢડાવાલા) | નલીયા | ૬૫ |
| ૦૪.૦૭.૨૦૨૬ | ઘાટકોપર | મુલજીભાઈ લહેરચંદ ધનજી છેડા | નલીયા | ૫૮ |
| ૦૭.૦૭.૨૦૨૬ | મુલુંડ | વંદના વિરેશ ભવાનજી મોમાયા | નલીયા | ૭૧ |
| ૧૦.૦૭.૨૦૨૬ | હૈદ્રાબાદ | જયાબેન વેલજી મોતા | કોઠારા | ૭૬ |
| ૧૦.૦૭.૨૦૨૬ | ગામદેવી | અંજના હિરેન ધનપતિ કુરૂવા | ગોધરા | ૭૦ |
| ૧૧.૦૭.૨૦૨૬ | વસઈ | મધુરીબેન મણીલાલ જેઠાભાઈ મોતા | લાખણીયા | ૮૩ |
| ૧૨.૦૭.૨૦૨૬ | બુરહાનપુર | ઈન્દીરાબેન રાજેશ ધરમશી | જખૌ | ૬૬ |
| ૧૨.૦૭.૨૦૨૬ | મુલુંડ | હિરાચંદ ખીમજી મોમાયા | ડુમરા | ૯૪ |
| ૧૪.૦૭.૨૦૨૬ | કોઈમ્બતૂર | નીતીનભાઈ કાનજી લોડાયા | નાની ખાવડી | ૬૪ |
| ૧૭.૦૭.૨૦૨૬ | ડોંબિવલી | સરોજબેન અનીલ ગાંગજી નાગડા | રંગપુર | ૬૨ |
| ૧૯.૦૭.૨૦૨૬ | ડોંબિવલી | વિજય દેવશી ડાઘા | વરાડીયા | ૭૩ |
| ૨૦.૦૭.૨૦૨૬ | મસ્જિદ બંદર | ધ્રુવ કમલેશ મણીલાલ મોતા | દલતુંગી | ૩૨ |

## વતનના વર્તમાન

### નલીયામાં પ્રથમ ફોરલેન માર્ગ

નલીયામાં તાલુકાના પ્રથમ ફોર લેન માર્ગનું નિર્માણ પ્રગતિ પર છે. વીર અબડાદાદા સર્કલથી બસ સ્ટેન્ડ સુધીના દોઢ કિ.મી. રોડ પર ડિવાઈડર ફુટપાથનું કામ ચાલુ છે. આ આખા પ્રોજેક્ટ પર રૂા. ૬ કરોડના ખર્ચની જોગવાઈ છે.

### ગરીબનાથ દાદા પતરી

ભડલી ખાતે સિદ્ધયોગી ગરીબનાથ દાદાના સ્થાનકે જેઠી અમાવસ્યાના દિને યોજાતા ઉત્સવમાં ચોમાસાના વરસાદ બાબતે લેવાતી પતરીમાં મળેલા સંકેત મુજબ વતનમાં વરસાદ વિલંબથી પણ જોરદાર થવાની ધારણા છે. વર્તમાન મઠાધીશ મહંત યોગી ગણેશનાથજીના નિર્દેશમાં આયોજન કરાયું હતું.

BEING JAIN

# Swadhyay

- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



Imagine a traveller setting out on the most important journey of his life. He owns a luxurious vehicle with a powerful engine. Yet, he repeatedly takes wrong turns, wanders into dead ends, and moves farther away from his destination. Why? Because he has no reliable guidance.

This traveller is **the soul (Jeev)**.

The journey is from **the worldly self to the true inner Self**—from ignorance to enlightenment, from bondage to liberation.

The **human body** is the precious vehicle granted for this sacred pilgrimage. Among all forms of existence, only human birth offers the unique opportunity to consciously choose the path of spiritual evolution.

The **intelligence (buddhi)** is the engine that powers this vehicle. It enables us to think, reason, analyse, and make choices. Yet, without navigation may only reach the wrong destination faster.

The **scriptures are the GPS** for this spiritual expedition. They are the timeless maps drawn by the Tirthankars, showing not merely the roads to avoid, but the surest route to the soul's ultimate destination. They constantly guide us through life's crossroads, warning us of the detours created by anger, pride, deceit, greed, attachment, and delusion, and gently redirecting us towards equanimity, self-awareness, and liberation.

But possessing a GPS is not enough—it must be switched on, consulted, and followed.

That is **Swadhyay**.

Swadhyay is the daily study, reflection, and meditation on the scriptures. It is **the bridge between our present location and our ultimate destination**. It helps us first discover **where we truly stand**—how much attachment, ego, ignorance, and passions still cloud our vision—and then reveals the next step towards where we ought to be. Every session of Swadhyay readjusts our inner compass, just as a GPS recalculates the route whenever a traveller misses a turn.

Whenever we drift from the path through anger, greed, pride, attachment, or confusion, Swadhyay reconnects us with the wisdom of the Jins, helping us return to the road that leads inward. With this, every day becomes another meaningful milestone on the soul's homeward journey.

**Thus, Swadhyay is far more than reading sacred books. It is the living bridge that connects the soul's present state with its highest destiny. It transforms a wandering traveller into a conscious pilgrim, ensuring that the precious vehicle of human life reaches its true destination—Self-realisation and, ultimately, Moksh.**

**નમ્ર નિવેદન :** જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

Life Power

# A Quick Reality Check

**Alpha Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



"THE NEWS IS NOT A WINDOW OF THE WORLD. IT'S A MAGNIFYING GLASS ON THE CRACKS."

How many spouses were murdered by their partner today?

Almost zero.

The same was true yesterday.

It will be true tomorrow.

That isn't wishful thinking. The data backs it up.

Yet scrolling through the news tells a different story. Recently, outlets have run story after story of partners killing each other. Right after getting engaged. During the honeymoon. Even after 30 years together. The photos are disturbing. The captions are dramatic. The coverage is relentless. It is natural to wonder if society is collapsing, if relationships are unsafe, if marriage is a gamble.

A friend asked me if these crimes are rising. They were anxious. My answer was simple: news shows you what is unusual. Not what is typical. It shows you the outlier.

When one person kills their spouse on a honeymoon and it trends worldwide, that happens because it is freakishly uncommon. If these incidents were everyday events, they would not lead the bulletin. They would be buried in a spreadsheet. The very fact that it becomes a headline is proof of how rare it is. The exception confirms the rule.

We need to remember how news works. Journalism does not cover the ordinary. It covers the anomaly. "ZERO CAR CRASHES TODAY" will not move newspapers. "SUBWAY RUNS ON SCHEDULE" will not drive clicks. "10 million citizens had an uneventful day" will never go viral. The industry survives on shock. So it magnifies the unusual until we mistake it for the average.

Social media intensifies the effect. The algorithm watches. You tap one article about domestic homicide, it serves you five more. Then twenty. Before long, your timeline is a stream of violence and deception. You start to assume the world is cruel. Your sense of scale disappears.

But here is reality. The vast majority of people do not murder their spouses. The vast majority do not attack anyone. They obey laws, pay bills, manage routines. They deal with traffic, deadlines, and dinner plans. They are not scheming harm. They are getting through the day.

Ordinary life is uneventful. Ordinary life is quiet. Ordinary life is millions of humans causing no damage today. That will not trend. Still, it is the actual state of things.

Do not let the news cycle rewrite reality for you. News is a filtered gallery of the bizarre. It takes one-in-a-million moments and repeats them until they feel routine.

So when the next horrifying headline hits you, stop. Ask: how many people really did this today?

The honest answer is: almost none. Holding onto that fact keeps you steady.

**Kuber Bhandar**

# Medical insurance – an overview (part 1 of 2)

**CA Jatin Jaichand Lodaya, Naliya (Chembur)**
Cofounding Partner of FinaLiteY LLP - Mumbai
jatinlodaya@gmail.com | 9820791226



This article highlights certain aspects of health or medical insurance. It is very important that you understand the policy that you are opting for. Most policies will have a waiting period for any pre-existing conditions. Read and learn about the various options & variants available. Optimise the free-look period, i.e., 15-30 day window from the date you receive your policy documents where you can review T&C, especially exclusions. If unsatisfied, you can cancel the policy without penalties and receive a refund, minus minor charges. Or port.

**Critical illness**: While some basic plans cover 36 critical illnesses (e.g., cancer, heart, stroke, kidney failure) comprehensive standalone critical illness policies cover up to 64 or even 100 illnesses. Unlike regular indemnity health insurance, critical illness covers pay out a lump sum upon the first diagnosis of any of the covered conditions to help manage long-term care costs.

**Day care procedures** (approx. 400): There is no fixed or standard number of day-care procedures (e.g., cataract surgery, dialysis, or chemotherapy) covered under health insurance in India. Insurers use an umbrella coverage model rather than a rigid list. Day-care procedures require hospitalisation for less than 24 hours due to advanced technology.

**Daily cash amount** (**₹५०० to ₹५,००० per day**; doubled for ICU; capped at 15 to 30 days): A daily cash allowance is a supplementary cover that pays a fixed, pre-determined amount for every 24 hours you are hospitalised. This lump-sum payout is given to you directly to use exactly as you please (no receipts required). It helps manage non-medical expenses like transportation, meals for visiting family members, childcare, or even lost income during recovery.

**Senior citizen**: After 65 most insurers either reject outright or charge prohibitive premiums. While premiums will be higher and pre-existing conditions may have waiting periods, many insurers offer plans tailored to elderly healthcare needs. The insurer will likely require you to undergo a medical check-up before issuing the policy. If you have existing medical issues (like diabetes or hypertension), these will likely be covered only after a waiting period. Many senior citizen policies include a co-payment clause, meaning you will have to pay a small percentage of the hospital bill yourself, while the insurer covers the rest.

Parkinson's disease is covered by health insurance, though the extent of coverage depends on your specific policy. Most standard plans cover hospitalisation, neurological consultations, and diagnostic tests, while dedicated critical illness plans provide a lump-sum payout upon diagnosis.

Insurers need to consider claims for mental health hospitalisation. AYUSH treatments (Ayurveda, Yoga, Unani, Siddha, Homeopathy) are also covered in most plans.

**SAVE THE DATE**

Sarees
Matunga (E)

SALE - 2026

**31st July to 9th August**

**Sunday Open During Sale / Timing 10.30 am. to 7.30 pm.**

**Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836**
**Follow us on instagram @jyotisaree**

**Money Matter**

# Your Family Knows You. But Do They Know About Your Finances?

**Diipesh Daghha – Varadia (Bhandup),** Mob.: 99 1562 1562
MBA (Fin), QPFP, Founder – GrowthQuest
www.growthquest.in, diipeshdaghha@gmail.com



Rajesh was only 46 when he suffered a sudden stroke. Thankfully, he survived, but for several weeks he was unable to speak or communicate. Overnight, his wife found herself facing questions she had never imagined.

Which bank accounts were active? Where were the investment papers? Which insurance premiums were due? Were there any loans or EMIs? Who handled their taxes? She wasn't financially incapable—she simply didn't know where anything was.

Life can change without a warning. We often assume financial preparedness is complete once we have bought insurance, nominated family members, or even written a WILL. These are undoubtedly important steps, but they answer only one question: **who will receive my assets?** They do not answer another equally important question: **how will my family manage our finances if I were suddenly unable to?**

Financial preparedness is not just about wealth creation. It is about ensuring that the people who depend on you can confidently take charge when life takes an unexpected turn.

Every family should have what I call a **Family Financial File.** It doesn't have to be complicated. A simple document that lists your bank accounts, investments, insurance policies, loans, property documents, locker details, important contacts such as your Chartered Accountant and investment advisor, and where your WILL is safely kept can save your family months of confusion and unnecessary stress.

Equally important is having an open conversation with your spouse or an adult family member. Many people manage every financial decision themselves, believing they are protecting their family. Ironically, this often leaves the family most vulnerable when they need clarity the most.

This conversation is not about expecting the worst. It is about being responsible enough to prepare for the unexpected.

If you already have a WILL, you've taken an important step. But don't stop there. Ask yourself one more question: **If I couldn't manage my finances from tomorrow, would my family know exactly what to do?**

If the answer is "I'm not sure," then this weekend is the right time to change that.

One hour spent organising and jotting down all your financial information in one place today could save your family weeks of anxiety tomorrow.

**A Thought to Reflect**

*"The greatest gift you leave your family isn't just wealth. It's the clarity and confidence to manage it when you're not around to guide them."*

***

**Student Corner**

# 'Laying the foundation for a great academic year' with you

**Dr. Aparna Ritesh Nagda-Naliya (Dombivali)**
Mob.: 98339 74009, E-mail : aparnanagda04@gmail.com
Consulting Homoeopath, Child Counselor and Author of The Labyrinth of Silence



Well-began is half done. An idiom that has sailed me through all the academic exams of my life. Certain curveballs are expected. Yet, when one begins early, with systematic planning, and the right resources, one achieves targets on time. Today, I will focus on my student community and guide them how to build a strong base for a certain future.

A few habits pertaining to our study schedule need to be followed. Sticking to these rules on a daily basis leads to a clear and prepared mind before exams. These rituals can be followed by any student or learner- be it a child or an adult preparing for higher studies- these ground rules help establish a tandem in chaotic study matter.

· **Read read and read**: Reading is the most fundamental habit that needs to be cultivated very early in the childhood. Not just reading textbooks, but also research papers, reference notes, and lecture notes. Read your subject from various resources like prescribed text, internet, scholarly articles, etc. Extend your reading even to non-academic subjects like pleasure reading to make reading a part of your DNA.

· **Watch**: Watch videos to get a better understanding of the written text. But keep it minimal. Select short informative videos that will strengthen your absorbing capacity. Visual learners benefit a lot from videos and documentaries.

· **Write**: Post you have read and watched a couple of videos, jot down your understanding in bullet format. Elaborate at places where you feel need more attention. Draw graphs, flow charts, and make tables to concise ginormous subject matter. Putting vast matter into a capsule-like format helps recall better.

· **Experience and Experiment:** Most schools and colleges in India are now breaking the four walls of the classroom and moving out to experience and experiment with various studied curriculum. If not outside, teachers put in efforts to bring the world to the student's desk. Involve yourself in such activities. Question. Be curious.

· **Teach**: Science says we remember about 90% of what we teach others. That's one of the reasons why teachers, over the years, have turned into research scholars minus the required credits. Look out for study buddies and form discussion groups.

· **Quiz**: Prepare mock quizzes to test yourself before the actual exams. Let's use AI to generate quizzes, questions papers, and flashcards for us. Luckily, the market publishing educational books too is growing. You can find bulks of books full of questionnaires and solutions. Lay your hands on them.

· **Revise**: Finally, for every new piece of subject you study, revise two. Plan your time in such a way that everyday you are studying one new topic and revising two old ones. Maintain the 2:1 ratio. Set aside a fixed time of your day for revision. Revisions are a must. It's okay if on a particular day you don't study anything but revise you must.

Following these practices will elevate your interest and keep your enthusiasm in academics high. All the best.

Stay Healthy

# VARICOSE VEINS

**Dr. Jayantilal P. Khona (LECH)-Jakhau (Mulund)**
Mob. : 8779985316



Varicose veins are abnormally, dilated, swollen, twisted, enlarged VEINS often blue or purple that typically appear in the legs due to FAULTY ONE WAY VALVES allowing blood to pool, causing heaviness & bulging cord under the skin.

Risk factors like age, female gender, obesity, pregnancy, & prolonged standing. Often benign treatments range from life style changes to medical procedures to relieve symptoms or improve appearances

**RISK FACTORS & CAUSES**

1) FAULTY VALVES: weak and damage valves in veins do not push blood efficiently to the heart, causing it to collect & swell the veins..

2) INCREASED PRESURE: Long periods of standing or sitting increase pressure in the leg veins

3) AGE: vein elasticity weakens with growing age

4) FEMALE GENDER: more prone to hormonal changes( pregnancy, menopause, birth control)

5) OBESITY & PREGNANCY : they add pressure on the veins

6) GENETIC, FAMILIAL they increase the risk

7) INACTIVITY: prolonged sitting & standing position

**SYMPTOMS**

- Bulging, twisted, blue, purple veins
- Aching & heaviness or burning in the legs
- Night time leg cramps
- Itching or skin discoloration around the vein

**MANAGEMENT & TREATMENT**

1) LIFE STYLE CHANGES Regular exercise, walking, normal weight management, low salt diet, wearing low heeled shoes, avoiding clothes, elevating legs

2) MEDICAL compression stocking's, sclerotherapy, laser treatment or surgery in severe cases, IN SPITE OF BEST TREATMENT VARICOSE VEINS CAN RETURN.

## નવા/બદલાયેલા સરનામા/ફોન

**(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**Smt Nalini Chimanlal Lalka (PS-1911)**
A-1803, Ashwa Platinum,
Dindayal Upadhyay Marg, Dumping Road,
Mulund (West), MH - 400 080.
M.: 89284 24757.

**Shri Hanskumar Laxmichand Chheda (PS-488)**
B-1201, Gulmohar Neptune, Zaver Road,
Mulund (West), MH - 400 080.
M. : 98211 65961.

**Shri Ketan Lakhamshi Shah(Dand) (PS-5443)**
203, Landmark Residency,
Opp. Mahima Emeralad, Hubali,
KR - 580 023. M.: 87629 25394.

**Shri Pratik Bharat Nagda (PS-7487)**
B4-901, Godrej Platinum Building,
Near Godrej Hospital, Pirojshanagar,
Vikhroli (East), MH - 400 079.
M. : 98202 35506.

**Shri Jatin Padamshi Lodaya (PS-7486)**
201, Amber Rai-2, Ayre Road,
Near Laxman Resha,
Dombivali (East), MH - 421 201.
M.: 97739 90630, 96640 00000.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.



# પ્રકાશ સમીક્ષા દ્વારા ગાયન પ્રતિયોગીતા



વનિતા વિશ્વ વિભાગ અંતર્ગત પ્રકાશ સમીક્ષા દ્વારા આયોજિત કચ્છી ફૂડ કોમ્પીટીશનની મોટી સફળતા બાદ પ્રકાશ સમીક્ષા દ્વારા વનિતા વિશ્વ વિભાગ અંતર્ગત પ્રકાશ સમીક્ષાના વાચકો માટે ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કુલ ૭૦ સ્પર્ધકોએ સ્પર્ધામાં નોંધણી કરાવી હતી અને ૬૬ સભ્યોએ ગાયન સ્પર્ધામાં ભાગ લીધો હતો. પહેલા રાઉન્ડમાં બધા ૬૬ સ્પર્ધકોએ વોટ્સએપ ઉપર તેમના ગાયનનો વિડીયો મોકલ્યો હતો. બીજા રાઉન્ડમાં, સ્પર્ધકોએ વોટ્સએપ ઉપર તેમના ગીતનો વિડીયો મોકલ્યો હતો. અંતિમ રાઉન્ડમાં ૨૧ સ્પર્ધકોએ હતા અને તેથી તેમને તેમની ઉંમર પ્રમાણે ૧૮ થી ૫૫ વર્ષના સ્પર્ધકો અને ૫૬ થી ૮૦ વર્ષના સ્પર્ધકો એમ બે ગ્રુપમાં વિભાજીત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. રસપ્રદ વાત એ છે કે એક સ્પર્ધક ૯૧ વર્ષના હતા પરંતુ તેઓ અંતિમ રાઉન્ડમાં પહોંચી શક્યા ન હતા. આ બાબત ક.દ.ઓ. જ્ઞાતિની સંગીત અને ગાયનમાં રુચિ દર્શાવે છે, ઉંમર તો માત્ર સંખ્યા છે.

ત્રીજો અને અંતિમ રાઉન્ડ ઝૂમ પ્લેટફોર્મ પર ૫૬ થી ૮૦ વર્ષના ગ્રુપ માટે ૩ જુલાઈએ યોજાયો હતો. ૧૦ સભ્યોએ ભાગ લીધો હતો. દરેક સહભાગીને ગાયન અને પરિચય માટે ૫.૫૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. સ્પર્ધા સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થઈ અને રાત્રે ૯.૩૦ વાગ્યે પૂર્ણ થઈ. દરેક વ્યક્તિ માટે મ્યુઝિક સિસ્ટમનો ઉપયોગ ફરજિયાત હતો.

૧૮ થી ૫૫ વર્ષની વયના સ્પર્ધકો માટે સ્પર્ધા ૪ જુલાઈ, શનિવારના રોજ ઝૂમ પર સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થઈ અને રાત્રે ૯.૩૦ વાગ્યે પૂર્ણ થઈ જેમાં ૧૦ સ્પર્ધકોએ ભાગ લીધો. ૧ સ્પર્ધક ભાગ લઈ શક્યા નહીં. બંને દિવસે ઘણા સ્પર્ધકોને ઑડિઓ અને સંગીતના સિંક્રનાઇઝેશન, ધ્વનિ સ્તર વગેરેના મુદ્દાનો સામનો કરવો પડ્યો અને નિર્ણાયકો ખૂબ ઉદારતાથી સુધારણા પછી પાછા આવવા માટે મંજુરી આપતા હતા. બંને દિવસે સ્પર્ધા ખૂબ સારી રહી અને બધાએ તેનો આનંદ માણ્યો.

બંને દિવસે પ્રકાશ સમીક્ષાના સંપાદક અને પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટના પ્રમુખ સી.એ. હીરાચંદ પ્રમિલાબેન દામજી દંડે સહભાગીઓનું સ્વાગત કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી માલતી હરીશ ધરમશી દ્વારા કરવામાં આવ્યું હતું જેઓ પ્રકાશ સમીક્ષામાં વનિતા વિશ્વ વિભાગ સંભાળે છે. શ્રીમતી માલતીબેને ખૂબ જ સુંદર રીતે સ્પર્ધાનું સંચાલન કર્યું હતું અને તેમણે કાર્યક્રમને સફળ બનાવવા માટે ઘણો સમય આપ્યો હતો. બંને દિવસે તેમની મહેનત રંગ લાવી અને સ્પર્ધા ખૂબ જ સારી રહી.

જાણીતા સંગીતકાર અને ગીતકાર શ્રી જયંતિભાઈ ગોશર તથા ઘાટકોપરના જાણીતા સંગીત શિક્ષક શ્રીમતી કીર્તિ મયુર મહેતા નિર્ણાયકો હતા. બંને જજોએ છેલ્લા ૩ મહિના દરમિયાન ઘણો સમય આપ્યો હતો.

**સ્પર્ધાના ૬૬ સ્પર્ધકોની યાદી નીચે મુજબ છે.**

ઈલા દીપક દંડ, રાયધણજર – પૂના
જ્યોતિ કાંતિલાલ લાલકા, બાંઢિયા – જખૌ
મીના અશોક દંડ, લાલા – ભાંડુપ
મીનાક્ષી મનીષ ડાઘા, વરાડિયા – શિહોર
મીતા મહેશ લોડાયા, કોઠારા – ઘાટકોપર
નયના નરેન્દ્ર લાલકા, લાલા – વાશી
પૂજા દીપેન લોડાયા, કોઠારા – ગાંધીધામ
ઉર્મિ પાસુભાઈ લાલકા, મોટી ખાવડી – જામનગર
વર્ષા કિરણ લાપસિયા, દલતુંગી – સાંતાક્રુઝ
વિપિન મેઘજી મોમાયા, વરાડીયા – અંધેરી
વૃદ્ધિ ધવલ શાહ (લોડાયા), નલિયા – ગાંધીધામ

ખુશ્બૂ બ્રિજેશ ધુલ્લા, બાંઢીયા – અમદાવાદ
નરેન્દ્ર ઠાકરશી મોતા, રાપર ગઢવારી – વાપી
મુક્તિ કુશલ મોમાયા, રાયધણજર – વસઈ
લહેરચંદ મણશી પોલડીયા, ડુમરા – ડોંબિવલી
નીતા ખુશાલ દંડ, નલિયા – આદિપુર
કાશ્મીરા પ્રદીપ પટેલ, નલિયા – બેંગલોર
રશ્મિ કૈલાશ મુનવર, જખૌ – હુબલી
કાંતિલાલ કાનજી લાલકા, બાંઢીયા – જખૌ
પ્રતીક્ષા સોમચંદ દંડ, વરાડિયા – મલકાપુર
કોમલ જૈનેન્દ્ર ખોના, જખૌ – ડોંબિવલી
હેતલ હિતેશ ખોના, નલિયા – અંધેરી
કિરીટ ધનજી મોમાયા, વરાડીયા – ડોંબિવલી
મનીષ મણિલાલ છેડા, જસાપર – ડોંબિવલી
ગીતા નરેશ ધરમશી, રાણપર – મુલુંડ
ધનપતિ હીરજી લોડાયા, કોઠારા – કોઠારા
રમેશ હીરાચંદ ભાટે, નલિયા – દેવલાલી
દમયંતી રમેશ ભાટે, નલિયા – દેવલાલી
દીપ લક્ષ્મી, નાસિક
નીલમ મેહુલ દંડ, રાયધણજર – મુલુંડ
કલ્પના કીર્તિ છેડા, સુજાપુર – નાંદેડ
સ્વપ્નાલી સંકેત લાપસિયા, રંગપુર – મલાડ
નીતિ નરેન ધુલ્લા, કોઠારા – મુલુંડ
રમીલા ધનપતિ લોડાયા, કોઠારા – કોઠારા
કીર્તિદા દિલીપ મોતા, નલિયા – પૂના
દીપા પ્રકાશ ખોના, સુથરી – ઘાટકોપર
રૂપલ વિપુલ મોમાયા, સાયરા – ડોંબિવલી
ભારતી સૂર્યકાંત નાગડા, જખૌ – દાવણગિરી
રેખા ધીરેન લોડાયા, કોઠારા – નાસિક
ભરત દેવશી દંડ, તેરા – ગોવા
ડિમ્પલ હિરેન દંડ, તેરા – વડોદરા
સુરેખા જયેશ નાગડા, નલિયા – કાંજુરમાર્ગ
ઉમા ગૌતમ પાલાણી, કોઠારા – દહીંસર
પ્રતિમા કાર્તિક નાગડા, નલિયા – અંકલેશ્વર
નમ્રતા પરેશ ગાલા (મૈશેરી), કાંડાગરા – બીજાપુર
શૈલા નિમેષ નાગડા, નલિયા – નવી મુંબઈ
કિશોર મેઘજી મોતા, લાલા – રાયપુર
અરુણા પ્રતાપ મોતા, રાયધણજર – ભાંડુપ
સ્તુતિ ધર્મેશ ધરમસી, ભરૂડીયા – કોઈમ્બતૂર
દીપા કેતન લોડાયા, વારાપધર – ડોંબિવલી
ગીતા દૈલેશ મોમાયા, વરાડીયા – મુલુંડ
સરલા જયચંદ લોડાયા, નલિયા – ચેમ્બુર
ચંદા અશ્વિન મૈશેરી, જખૌ – ભાંડુપ
મમતા હિતેશ મોમાયા, સાંયરા – મહેસાણા
પ્રીતિ હિરેન લાપસીયા, રંગપુર – મસ્જિદ બંદર
કૃપા ઋષભ દંડ, લાલા – અમદાવાદ
શીતલ મયુર નાગડા, તેરા – ડોંબિવલી
તેજલ રાજેશ શાહ (લોડાયા), મોટી સિંધોડી – સાયન
દીપ્તિ અનિલ ધરમસી, બાયઠ – ભાંડુપ
મીરા પંકજ ધરમસી, જસાપર – મુલુંડ
શીલા ભરત ખોના, બારોઈ – હુબલી
મનીષા નિલેશ દંડ, સેવક ભરૂડીયા – મુલુંડ
ગૌતમ સોમચંદ દંડ, વરાડીયા – મુલુંડ
ભાવિકા ચિંતેશ વિકમસી, રાણપર – ડોંબિવલી
રીટા આણંદજી છેડા, સુજાપુર – ભાંડુપ
વંશિકા પિયુષ નાગડા, પરજાઉ – થાણા

સ્પર્ધકો સમગ્ર ભારતમાંથી હોવાથી, ઝૂમ પર અંતિમ રાઉન્ડનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. અગાઉના ૨ રાઉન્ડ માટે, ગીતો અને વિઝ્યુઅલ્સ વોટ્સએપ દ્વારા પ્રાપ્ત થયા હતા અને નિર્ણાયકોએ અંતિમ રાઉન્ડ માટે ૨૧ સ્પર્ધકોની પસંદગી કરી હતી. મોટાભાગના સ્પર્ધકોને ઝૂમ પર મ્યુઝિક સિસ્ટમ ચલાવવામાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો પરંતુ આખરે તે સમસ્યાઓ ઉકેલાઈ ગઈ. અને સ્પર્ધા આગળ વધતી રહી.

**(વિજેતાઓના કલર ફોટા પાના નં. ૩૫ ઉપર)**

શ્રેષ્ઠ વિજેતાઓ નક્કી કરવાનું મુશ્કેલ હોવાથી નિર્ણાયકો પરિણામો જાહેર કરવામાં ૩ દિવસનો સમય લીધો. બંને દિવસની સ્પર્ધાઓની ઝલક બધા સોશિયલ મીડિયા ગ્રુપ પર શેર કરવામાં આવશે. બંને દિવસે બધા સહભાગીઓ અને સ્પર્ધકોએ આનંદ માણ્યો.

## ૫૬ થી ૮૦ વર્ષના ગ્રુપમાં વિજેતાઓ



**કિરીટ ધનજી મોમાયા**
પ્રથમ વિજેતા



**ગૌતમ સોમચંદ દંડ**
દ્વિતીય વિજેતા



**મીરા પંકજ ધરમશી**
તૃતીય વિજેતા

## ૧૮ થી ૫૫ વર્ષના ગ્રુપમાં વિજેતાઓ



**વૃધ્ધી ધવલ લોડાયા**
પ્રથમ વિજેતા



**હેતલ હિતેશ ખોના**
દ્વિતીય વિજેતા



**નીતા ખુશાલ દંડ**
તૃતીય વિજેતા

### સ્પર્ધાના નિર્ણાયકો



**જયંતિભાઈ ગોસર**



**કીર્તીબેન મહેતા**

### સ્પર્ધાના સંયોજક



**માલતીબેન ધરમશી**




પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટ બધા વિજેતાઓને અભિનંદન આપે છે. બધા વિજેતાઓ અને છેલ્લા રાઉન્ડના સ્પર્ધકોને થોડા સમયમાં જ તેમના ઈનામો મોકલવામાં આવશે.

**સી.એ. હીરાચંદ પ્રમિલાબેન દામજી દંડ,**
**સંપાદક - પ્રકાશ સમીક્ષા,**
**પ્રમુખ - પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટ**

**CDO Prakash Samiksha** R.N.I. No. MAHBIL/2020/79181 **Date of Publication : 5th & 20th of every month**
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

### શૈક્ષણિક સિદ્ધિના વધામણા સહ

# હાર્દિક અભિનંદન

ગામ નલિયાના માતૃશ્રી રમીલાબેન ગોવિંદજી દંડ (વડસરીયા) ના પૌત્ર
**અ.સૌ. નિલમ મયુર દંડ નો વહાલસોયો સુપુત્ર**



**ચિ. અંકિત**

ગામ : નલિયા | હાલ : મુલુંડ (મુંબઈ)

વીર શ્રી અબડાદાદાની અસીમ કૃપા, મા સરસ્વતીના આશીર્વાદ તથા વડીલોના શુભ આશીર્વાદથી દ્વારકાદાસ જે. સંઘવી કોલેજ ઓફ એન્જિનિયરિંગ, વિલે પાર્લે (મુંબઈ) માંથી **B.Tech in Computer Engineering** ની ઉચ્ચ ડિગ્રી સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે.

સમગ્ર અભ્યાસક્રમ દરમિયાન **SGPA 9.80** જેવી ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી પોતાની શૈક્ષણિક કારકિર્દીને ગૌરવશાળી બનાવી છે તથા પરિવારનું નામ રોશન કરીને સમાજનું ગૌરવ વધાર્યું છે.

આ ભવ્ય સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ તથા પરમાત્મા તેમને જીવનના દરેક ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ, ઉજ્જ્વળ કારકિર્દી, સુખ, સમૃદ્ધિ અને સફળતા પ્રદાન કરે તેવી હાર્દિક શુભકામનાઓ.

અગણિત અભિનંદન...! | હાર્દિક શુભેચ્છાઓ...! | ઉજ્જ્વળ ભવિષ્ય માટે અનેક શુભકામનાઓ...!

**શુભેચ્છક**

અ.સૌ. જયશ્રીબેન મધુકાન્ત લોડાયા પરિવાર કોઠારા – ગાંધીધામ | સમસ્ત દંડ પરિવાર | સમસ્ત લોડાયા પરિવાર

## શોભા અતુલ ખોનાને ભાવભીની શ્રદ્ધાંજલિ

### શ્રીમતી શોભાબેન અતુલ ખોના, મોટી ખાવડી (ઉદયપુર)



**જન્મ : ૧૧.૦૩.૧૯૬૭ અરિહંતશરણ : ૧૦.૦૬.૨૦૨૬**

પરિવાર પ્રેમી, નિઃસ્વાર્થ સેવાભાવી, સદ્‌ગુણોથી આપનું અને સૌનું જીવન સુગંધિત રાખેલ.
આપની ઓચિંતી વિદાયથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે.
અમારા સૌની માટે આપનું સુવાસિત જીવન હંમેશા પ્રેરણારૂપ રહેશે.
ખોના અને લાપસિયા સમસ્ત પરિવારના શત્ શત્ પ્રણામ.
ભાવભર્યા શ્રદ્ધાના સુમન અર્પણ કરતા

જીવનસાથી : અતુલ પ્રભુલાલ ખોના
દિકરી-જમાઈ : ડૉ. કાજલ અને ડૉ. પ્રીત ખોના
દિકરી : જીનલ ખોના

*If not delivered please return to :*

C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**